જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય
Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

15TH AUGUST
INDEPENDENCE DAY

વર્ષ : ૪૭ અંક : ૨૦૫ જૂનાગઢ તા.૧૫-૮-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 205, Junagadh : Date : 15 August, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## દેશભરમાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી : વડાપ્રધાન મોદીએ લાલકિલ્લા પર ૧૦મી વાર તિરંગો ફરકાવ્યો

# દેશવાસીઓને મોદીની ત્રણ ગેરંટી : પરિવારવાદ, ભ્રષ્ટાચાર અને તુષ્ટીકરણને તિલાંજલી આપવાનો સંકલ્પ

● ૨૦૨૪માં પણ ફરી લાલકિલ્લા પર તિરંગો ફરકાવવાનો હુંકાર કર્યો
● વડાપ્રધાને ૯૦ મિનિટનાં સંબોધનમાં ન્યુ ઈન્ડિયાનું વિઝન આપ્યું
● છેલ્લા ૧૦ વર્ષનાં કામોનો હિસાબ આપ્યો

નવી દિલ્હી તા.૧૫

દેશ આજે ૭૭મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવ્યો હતો. આ દરમિયાન ૨૧ તોપની સલામી આપવામાં આવી હતી. આ પહેલા વડાપ્રધાન મોદી સવારે રાજઘાટ પહોંચ્યા હતા અને પૂ મહાત્મા ગાંધી બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી.

૭૭મા સ્વતંત્રતા દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પર ૧૦મી વખત તિરંગો ફરકાવ્યો હતો. લાલ કિલ્લા પરથી સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ મણિપુર હિંસા, રિફોર્મ્સ પર વાત કરી હતી. મોદીએ સરકારના ૧૦ વર્ષના કામોનો હિસાબ પણ આપ્યો હતો. મોદીએ સંબોધન કરતા દેશવાસીઓને ત્રણ ગેરંટી પણ આપી હતી. પ્રથમ- આગામી થોડા જ વર્ષોમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બની જશે. બીજી- શહેરોમાં ભાડાના મકાનોમાં રહેતા લોકોને બેંક લોનમાં રાહત મળશે. ત્રીજી, દેશભરમાં ૧૦ હજારથી ૨૫ હજાર જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવશે.

મોદીએ સંબોધનમાં મણિપુર હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં ખાસ કરીને મણિપુરમાં, હિંસાને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. માતા- દીકરીઓના સન્માન સાથે રમત રમાઈ. પરંતુ થોડા દિવસોથી સતત શાંતિના સમાચાર મળી રહ્યા છે.

તેમણે કહ્યું કે દેશ મણિપુરના લોકોની સાથે છે. મણિપુરના લોકોએ છેલ્લા કેટલાક દિવસોથી જે શાંતિ જાળવી રાખી છે તે શાંતિ આગળ લઈ જાય. શાંતિ દ્વારા જ તેમાંથી બહાર નીકળવાનો રસ્તો મળશે. રાજ્ય અને કેન્દ્ર સરકાર મળીને આ સમસ્યાઓના ઉકેલ માટે ઘણા પ્રયાસો કરી રહી છે.

સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ આપતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વસ્તીની દ્રષ્ટિએ પણ આપણે નંબર વન દેશ છીએ. આટલા વિશાળ દેશના આપણા પરિવારના સભ્યો, આજે આપણે આઝાદીનો તહેવાર ઉજવી રહ્યા છીએ. દેશ અને દુનિયામાં ભારતને પ્રેમ અને આદર આપનારા કરોડો લોકોને હું આ પર્વની ખુબ ખુબ શુભકામનાઓ પાઠવું છું.

મોદીએ ક્હ્યું કે, મારા પરિવારના સભ્ય પૂજ્ય બાપુના નેતૃત્વમાં બલિદાન આપનાર અસંખ્ય વીરોને હું નમન કરું છું. આટલો મોટો દેશ, ૧૪૦ કરોડ મારા ભાઈઓ, બહેનો, મારા પરિવારના સભ્યો આજે આઝાદીનું પર્વ ઉજવી રહ્યા છે. હું દેશના લોકો અને વિશ્વના કરોડો લોકોને શુભેચ્છા પાઠવું છું. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેમણે બલિદાન આપ્યું છે, ત્યાગ કર્યો છે, તપસ્યા કરી છે, હું તે બધાને આદરપૂર્વક નમન કરું છું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે હું દેશવાસીઓને કહેવા માંગુ છું કે દેશભરમાં ૧૦ હજારથી ૨૫૦૦૦ જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવનાર છે. આગામી ૫ વર્ષમાં ટોપ ૩ ઈકોનોમીમાં ભારત હશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હું ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનાર તમામ બહાદુર હૃદયોને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. પીએમ મોદીએ કહ્યું, આ સમયગાળાના નિર્ણયો હજાર વર્ષનો સુવર્ણ ઈતિહાસ લખશે. મારા પરિવારના સભ્યો, ખાડો ગમે તેટલો નાનો હોય, તે એક સમયે નુકસાન પહોંચાડે છે. પરંતુ દેશના વીરોએ બલિદાન આપીને ભારત માતાને આઝાદ કરાવ્યા હતા. દેશની મહિલાઓ, યુવાનો, ગામડાના મજૂરો દરેકે આઝાદીને જીવી છે. પોતાની યુવાની ખપાવી દીધી છે. બલિદાન અને તપસ્યાનું તે વ્યાપક સ્વરૂપ આપણને ૧૯૪૭માં આઝાદીના રૂપમાં મળ્યું. આજે આપણે શું કરીશું, અમૃત કાળનો સમયગાળો, આવનારા એક હજાર વર્ષનો સુવર્ણ સમયગાળો અંકુરિત કરવાનો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, મારા પરિવારના સભ્યો, જ્યારે ૧૩.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવે છે, ત્યારે કેવા પ્રકારની યોજનાઓ મળી છે. પીએમ સ્વાનિધિ યોજના, આવાસ યોજનાનો લાભ મળ્યો. વિશ્વકર્મા જયંતિ પર ૧૩-૧૫ હજાર કરોડ રૂપિયા સાથે નવી તાકાત આપવા માટે અમે આવતા મહિનામાં વિશ્વકર્મા જયંતિ પર વિશ્વકર્મા યોજના શરૂ કરીશું.

વડાપ્રધાન મોદીએ કહ્યું, જ્યારે આવકવેરામાં છૂટ વધે છે, ત્યારે સૌથી વધુ લાભ નોકરિયાત વર્ગને મળે છે. મારા પરિવારના સભ્યો, કોરોના પછી દુનિયા ઉભરી આવી નથી. યુદ્ધે નવી મુશ્કેલી ઊભી કરી છે. વિશ્વ મોંઘવારીના સંકટનો સામનો કરી રહ્યું છે. દુનિયામાંથી પણ માલ-સામાન લાવીએ છીએ, મોંઘવારીને કારણે આયાત કરવી પડે છે એ આપણી કમનસીબી છે. ભારતે ફુગાવાને કાબૂમાં લેવા માટે ઘણા પ્રયાસો કર્યા છે. અમને સફળતા પણ મળી છે. આપણે એવું વિચારીને બેસી શકતા નથી કે આપણા માટે દુનિયા કરતાં વધુ સારી પરિસ્થિતિ છે. અમારો ઉદ્દેશ્ય દેશને મોંઘવારીમાંથી મુક્ત કરવાનો છે. આ માટે અમારા પ્રયાસો ચાલુ રહેશે.

મોદીએ કહ્યું, ભારતની એકતા જીવવા માટે, મારી ભાષા કે મારા પગલાથી ભારતની એકતાને નુકસાન નહીં થાય, આપણે આ વિચાર સાથે આગળ વધવું પડશે. આપણે સૌએ એકતાની ભાવના સાથે આગળ વધવાનું છે. જો આપણે આપણા દેશને વિકસિત દેશ તરીકે જોવો હોય તો શ્રેષ્ઠ ભારત જીવવું પડશે. જો આપણા શબ્દોમાં શક્તિ હશે તો તે શ્રેષ્ઠ હશે. જો આપણામાં નિર્ણય લેવાની ક્ષમતા હોય, તો તે શ્રેષ્ઠ રહેશે. આજે ભારત ગર્વથી કહી શકે છે કે સૌથી વધુ મહિલા પાયલોટ ભારતમાં છે. અમે ૨ કરોડ લખપતિ દીદીના લક્ષ્ય સાથે કામ કરી રહ્યા છીએ. અમે મહિલા શક્તિને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહ્યા છીએ.

મોદીએ કહ્યું, આતંકવાદી હુમલામાં ઘટાડો થયો છે. નકસલવાદી ઘટનાઓમાં ઘટાડો થયો છે. પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા અમે ખેડૂતોના ખાતામાં ૨.૫ લાખ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. દરેક ઘરમાં શુદ્ધ પાણી પહોંચે, અમે જળ જીવન મિશન પર ૨ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

શક્તિને આપણે બને તેટલું ખાતર અને પાણી આપવાનો આપણો

અમે આયુષ્માન ભારત યોજના હેઠળ ૭૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે, જેથી ગરીબોને દવાઓ મળે, તેમની સારી સારવાર થાય. અમે પશુધનને બચાવવા માટે રસીકરણ માટે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

પીએમ મોદીએ કહ્યું, સપના ઘણા છે, નીતિઓ સ્પષ્ટ છે. નિયતની સામે કોઈ પ્રશ્નાર્થ ચિન્હ નથી, પરંતુ કેટલાક સત્યો સ્વીકારવા પડશે. આજે હું તેના ઉકેલ માટે તમારી મદદ લેવા લાલ કિલ્લા પર આવ્યો છું. હું તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. અનુભવના આધારે હું કહું છું કે આપણે એ બાબતોને ગંભીરતાથી લેવી પડશે, આઝાદીના સુવર્ણકાળમાં જ્યારે દેશ આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરશે ત્યારે વિશ્વમાં વિકસિત ભારતનો તિરંગો ઝંડો હોવો જોઈએ. અમારે એક રાત રાહ જોવાની જરૂર નથી. સુચિતા, પારદર્શિતા, ઉદ્દેશ્યની જરૂર છે. આ સામૂહિક પ્રયાસ હોવો જોઈએ. તેમણે કહ્યું કે, ભારતની ક્ષમતામાં ક્યારેય કોઈ કમી નથી. જ્યારે દેશ ૨૦૪૭માં આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરશે ત્યારે ભારત એક વિકસિત દેશ હશે.

પીએમ મોદીએ કહ્યું કે તકની કોઈ કમી નથી. તમે ઈચ્છો તેટલી તકો આપવા માટે દેશ સક્ષમ છે. દેશમાં વિશેષ શક્તિ ઉમેરાઈ રહી છે, માતા-બહેનોની શક્તિ. આ તમારી મહેનત છે. ખેડૂતોની શક્તિ ઉમેરાઈ રહી છે, દેશ કૃષિ ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. હું કામદારો અને મજૂરોને અભિનંદન આપવા માંગુ છું તેમ તેમણે જણાવ્યું હતું.

### વડાપ્રધાને આપેલી ત્રણ ગેરંટી

● આગામી થોડા વર્ષોમાં ભારત વિશ્વની ત્રીજી સોથી મોટી અર્થવ્યવસ્થા બની જશે
● શહેરોમાં ભાડાના મકાનોમાં રહેતા લોકોને બેંક લોનમાં રાહત
● દેશભરમાં ૧૦ હજાર થી ૨૫ હજાર જન ઔષધી કેન્દ્ર ખોલવામાં આવશે




## વલસાડ ખાતે રાજયકક્ષાનાં સ્વાતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રૂા.૧૩૮ કરોડનાં વિકાસ કાર્યોની ભેટ આપી

વલસાડ તા. ૧૫

વલસાડમાં રાજ્ય કક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. હાલ રાજ્યના મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ પણ ઉપસ્થિત છે. આ પહેલા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭૭માં સ્વતંત્રાતા દિવસ પર શુભેચ્છા પાઠવી હતી. તે સાથે જ મુખ્યમંત્રીએ વલસાડને અંદાજે ૧૩૮ કરોડના વિકાસ કામોની ભેટ આપી છે. જેમાં અંદાજે એકસો કરોડોના કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ૩૭.૮૦ કરોડના કામોનું ઈ-લોકાર્પણ કર્યું. જે અંતર્ગત આજે મુખ્યમંત્રીએ એકસો લોકો એક સાથે બેસીને વાંચી શકે તેવા ૧ કરોડ ૪૪ લાખના ખર્ચે તૈયાર થયેલ પુસ્તકાલય કમ રીડિંગ સેન્ટર સરકારી પુસ્તકાલયનું લોકાર્પણ કર્યું. આજે પોલીસ પરેડ, પોલીસ ફોર્સ નિદર્શન અને વિવિધ સાંસ્કૃતિક યોજાઈ રહ્યો છે. આજે ભુપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, વલસાડ એ ભૂમી છે જેણે ઈરાનથી આવેલા પારસીઓને આવકાર્યા હતા. આ પારસીઓએ પણ આઝાદીની લડાઈમાં પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત તેમણે વધુમાં કહ્યું હતું કે મારી માટી અભિયાન હેઠળ દેશના અઢી લાખ ગામની માટી દિલ્હી પહોંચાડાવમાં આવશે અને ત્યા વિરશહિદોના સ્મારક પાસે અમૃત વાટીકાનું નિર્માણ કરાશે. આવો આપણે બધા આ અભિયાનમાં યોગદાન આપીએ. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે બજેટના પાંચ સ્તંભ તે ગુજરાતના વિકાસના પાંચ સ્તંભ છે, આદીજાતીના બાળકોને ગુણવતા યુકત શિક્ષણ મળે અને આદિવાસીઓનો વિકાસ થાય તે માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મુકી છે, આ યોજનાની સફળતાના પગલે વનબંધુ કલ્યાણ -૨ યોજનાને અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત આગામી ૫ વર્ષમાં ૧ લાખ કરોડનો ખર્ચ કરવાનું આયોજન રાજ્ય સરકારે કર્યુ છે.

૭૭માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભેચ્છા... adani

વિરાટ
કૉમ્પ્રેસિવ
સ્ટ્રેન્થ
અંબુજા
સિમેન્ટ
Now Part of the Adani Groups

### સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
(જૂનાગઢ આવૃતિ)

**અંક બંધ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃતિ) સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગસ્ટ નિમિત્તે રજા પાળતું હોય, તા. ૧૬-૮-૨૦૨૩નો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૧૭-૮-૨૩ ગુરૂવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ
FlyFast
POWERED BY SAURASHTRA BHOOMI
SAME DAY DELIVERY
પાર્સલ સર્વિસ


એ જ દિવસે ડિલિવરી...
ડેઈલી સર્વિસ જૂનાગઢથી સવારે ૧૧:૩૦
CALL : 99097 06464
ફલાય ફાસ્ટ, સૌરાષ્ટ્રભૂમિ મીડિયા હાઉસ, જેલ રોડ, જૂનાગઢ

# દિવાળી પૂર્વે એકસાથે ૧૦૦ મ્યુનિ. હેલ્થ વેલનેસ સેન્ટરો ધમધમશે

## મ્યુનિ. કોર્પોરેશનનાં ૮૨ અર્બન હેલ્થ સેન્ટરો તેમજ ૧૨ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોએ પ્રજાનો સાથ મક્કમતાથી નિભાવ્યો હતો

### ઘર આંગણે જ મેડિકલ સુવિધા



અમદાવાદ, તા.૧૫

માર્ચ-૨૦૨૦માં આવેલા ઘાતક કોરોનાએ અમદાવાદમાં પણ હાહાકાર ફેલાવ્યો હતો. કોરોના મહામારીની ઝપટમાં આવીને કેટલાય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. કોરોનાની ફર્સ્ટ વેવ કરતાં પણ એપ્રિલ-૨૦૨૧માં આવેલી સેકન્ડ વેવમાં શહેરના ઘરે ઘરે કોરોનાએ આતંક ફેલાવ્યો હતો. સ્મશાનગૃહોની ચીમની સુધ્ધાં મૃતદેહોના અગ્નિસંસ્કારના પગલે પીગળી જતી હતી. અનેક નામાંકિત ડોક્ટરોનો કોરોનાએ ભોગ લેતાં ખાનગી હોસ્પિટલો તો ઠીક ખાનગી દવાખાનાં પણ ઉજ્જડ ભાસતાં હતાં. તેવા સમયે મ્યુનિ. કોર્પોરેશનનાં ૮૨ અર્બન હેલ્થ સેન્ટરો તેમજ ૧૨ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોએ પ્રજાનો સાથ મક્કમતાથી નિભાવ્યો હતો. દર્દીઓને ઘરઆંગણે તાવ, શરદી, ખાંસી સહિતના રોગની સારવાર પૂરી પાડવા તંત્રે ખાસ ધન્વંતરિ રથ સેવા શરૂ કરી હતી.

એક સમયે શહેરમાં ૧૨૦ ધન્વંતરિ રથ લોકોની મેડિકલ સહાયતા માટે દોડતા હતા. આવી આશીર્વાદરૂપ સેવાનો લાખો લોકોએ લાભ લીધો હતો. કોરોના દર્દીઓ માટેની સંજીવની રથ સેવા, સિનિયર સિટીઝન રથ સેવા પણ લોકોમાં ખૂબ વખણાઈ હતી. હવે મ્યુનિ. હેલ્થ વિભાગે ઘરઆંગણે મેડિકલ સુવિધાના ઉમદા હેતુને પાર પાડવા શહેરમાં ઠેર ઠેર અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર શરૂ કરવા લીધાં છે. અમદાવાદના લગભગ તમામ સ્લમ વિસ્તારોમાં એક-એક અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર એટલે કે યુએચડબ્લ્યુસી મળીને કુલ ૧૦૦ જેટલાં અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર દિવાળી પહેલાં ધમધમતાં થઈ જશે.

શહેરમાં જો સિમેન્ટ-કોંક્રીટનાં ભવ્ય એવાં ગગનચુંબી બિલ્ડિંગોથી સમૃદ્ધિનાં ચોતરફ દર્શન થઈ રહ્યાં તો બીજી તરફ રોજેરોજ ગુજરાતના વિભિન્ન વિસ્તાર ઉપરાંત દેશના બિહાર, ઉત્તરપ્રદેશ અને ઓડિશા જેવા દૂર-સુદૂરનાં રાજ્યોમાંથી વખાના માર્યા અને લોકો પેરટિયું રળવા અમદાવાદ આવે છે. આવા લોકોના વસવાટથી ઝૂંપડપટ્ટી એટલે કે સ્લમ એરિયા વધતો જાય છે. એક અંદાજ પ્રમાણે શહેરની ૪૫ ટકાથી વધુ વસ્તી સ્લમ વિસ્તારમાં રહે છે. આવા સ્લમ વિસ્તારને આવરી લેનારા અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટરના નવતર અભિગમ હેઠળ અગાઉ ૨૦ સેન્ટર કાર્યરત થઈ ચૂક્યાં છે. આ ઉપરાંત વધુ ૪૦ સેન્ટરને કાર્યરત કરવા માટેની તમામ તૈયારીઓ આરંભાઈ ગઈ છે તેમ મ્યુનિ. હેલ્થ કમિટીના ચેરમેન ભરત પટેલ જણાવે છે.

શહેરમાં કાર્યરત કરાયેલાં ૨૦ અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટરની માહિતી આપતાં હેલ્થ કમિટીના ચેરમેન વધુમાં જણાવે છે કે ઈસનપુરમાં જૂની મસ્ટર ઓફિસ, વટવામાં સ્મૃતિ મંદિર, ઘોડાસર ગામ આંગણવાડી, પીપળજ શાહવાડીમાં આંબેડકરવાસની બાજુમાં, લાંભાના રંગોળીનગરમાં શાંતિનગર દીનદયાળ ગ્રાહક ભંડાર સામે, નાના ચિલોડા ગામમાં મ્યુનિ. કોમ્યુનિટી હોલ, કોતરપુર ગામમાં નવું રેનબસેરા બિલ્ડિંગ, ઓઢવમાં ઈન્દિરા ગરીબ આવાસ યોજના, ભાઈપુરામાં અમરાઈવાડી ગુજરાતી શાળા નંબરઃ૧૪-૧૫, નવરંગપુરામાં લખુડી તળાવ હાઉસિંગ સોસાયટી, રાણીપમાં બલોલનગર ઈડબ્લ્યુએસ ક્વાર્ટર્સ, ચાંદખેડામાં મુખ્યમંત્રી આવાસ યોજના કેશવ એપાર્ટમેન્ટ, ચાંદખેડા ગામમાં મસ્ટર ઓફિસ, સાઉથ બોપલમાં બોપલ નગરપાલિકા, બાકરોલમાં બાકરોલ સબ સેન્ટર, વેજલપુરમાં જૂની નગરપાલિકા ઓફિસ, ગોતામાં ચાણક્ય આવાસ યોજના, ચાંદલોડિયામાં જૂના અર્બન હેલ્થ સેન્ટર બિલ્ડિંગ, હેબતપુર ગામમાં પંચાયત ઓફિસ પાસે અને જમાલપુરમાં પાંચપીપળીના જૂના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ગરીબ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

હવે મ્યુનિ. હેલ્થ વિભાગ દ્વારા વધુ ૪૦ અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટરને ધમધમતાં કરવાની તૈયારી અંતિમ તબક્કામાં હોઈ અમુક સેન્ટરો તો ચાલુ થઈ ગયાં છે તેમ પણ ચેરમેન પટેલ જણાવે છે, જેમાં પશ્ચિમ ઝોનના મોટેરામાં એકલવ્ય એપાર્ટમેન્ટ, નવા વાસણામાં ભવાનીનગર, જૂના વાડજમાં ઈડબ્લ્યુએસ ક્વાર્ટર્સ હાલારનગર, રાણીપમાં જૂનું અર્બન હેલ્થ સેન્ટર અને પાલડીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શ્રી શક્તિનગર ખાતે હેલ્થ-વેલનેસ સેન્ટરનું આયોજન કરાયું છે. ઉત્તર પશ્ચિમ ઝોનના શીલજ ગામમાં ગ્રામ સમાજની વાડી, દક્ષિણ પશ્ચિમ ઝોનના બોપલમાં બોપલ સિવિક સેન્ટર, જોધપુરમાં નવી વોર્ડ ઓફિસ સિવિક સેન્ટર, સંકલિતનગરમાં એપીએમસી માર્કેટની પાછળ આવેલી મકતમપુરા વોર્ડ ઓફિસ ખાતે નવા અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટરની ભેટ શહેરીજનોને મળવાની છે. જ્યારે મધ્યઝોનમાં ચાર, પૂર્વ ઝોનમાં સાત, દક્ષિણ ઝોનમાં આઠ સ્થળે અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર બની રહ્યાં છે.

## ટામેટાના ભાવમાં ઘટાડો થતા સામાન્ય જનતાને મોટી રાહત

અમદાવાદ, તા.૧૫

ગુજરાતની ગૃહિણીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ટામેટા સાથે કોથમીરની આવક વધતા રિટેલ કિંમતોમાં રાહતજનક ઘટાડો થયો છે. છેલ્લા ઘણા સમયથી આસમાને પહોંચેલા ટામેટાના ભાવમાં હવે ઘટાડો આવતા ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૦૦ રૂપિયાએ પહોંચેલા ટામેટાનો ભાવ અત્યારે ૧૨૦ રૂપિયા થયો છે. આગામી સમયમાં ટામેટાના ભાવમાં હજુ પણ ઘટાડો થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

૨૦૦ રૂપિયાએ પહોંચેલા ટામેટાનો ભાવ ૧૨૦ રૂપિયા થયો થોડા દિવસ અગાઉ હોલસેલમાં ટામેટાનો પ્રતિ કિલો રૂા.૨૦૦ને વટાવી ગયેલો ભાવ અત્યારે જથ્થાબંધ બજારમાં ૮૦ રૂપિયા પ્રતિકિલોએ પહોંચ્યો છે. જ્યારે છૂટક બજારમાં પણ ટામેટાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. છૂટક બજારમાં ટામેટાનો પ્રતિકિલો ભાવ ૧૨૦ રૂપિયાએ પહોંચ્યો છે. બજારમાં ટામેટાની આવકમાં વધારો જોવા મળતા ટામેટાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.

## જૂનાગઢ એસટી ખાતે ધ્વજવંદન



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ એસટી ખાતે સ્વાતંત્ર્ય દિવસની બસ સ્ટેન્ડ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એટીઆઈ કરમણભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢ વોકીંગ કલબદ્વારા ધ્વજવંદન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

આજે ૧૫ ઓગસ્ટ આઝાદીના આ અમૃત મહોત્સવના દિવસે જૂનાગઢ શહેરમાં ૧૫ વર્ષથી અવિરત હેલ્થ અને લોકજાગૃતિનો પ્રયાસ કરનાર **walking club**માં આપડા તિરંગાનું મહત્વ જે કેસરી, સફેદ અને લીલા રંગની દ્રઢતા જેવા કે બલિદાન અને બહાદુરી, શાંતિ અને પવિત્રતા તેમજ સમૃદ્ધિ અને હરિયાળી ક્રાંતિના ગુણોના આગ્રહી ડોક્ટર કે.પી. ગઢવી, ડોક્ટર રક્ષિત પીપલીયા, ડોક્ટર જસાણી, ડોક્ટર સોલંકી, ડોક્ટર જોરિયા, જયેશભાઈ પાલા, સફીભાઈ દલાલ, અજયભાઈ ધવલભાઈ પોપટ, નીપુણ જોશી, દીપકભાઈ ચોકસાઈ, જુગલ ચોકસી સહિતના સર્વે મિત્રો દ્વારા મોતીબાગમાં આવેલી ગાંધીજીની પ્રતિમા સમક્ષ ધ્વજવંદનનો કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

### ચરસના ૧૦ પેકેટ, હેરોઈનનું એક પેકેટ કર્યું જપ્ત

# કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી સતત બીજા દિવસે ચરસ અને એક હેરોઈન ડ્રગનું પેકેટ ઝડપાયું

## સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને બીએસએફ હાઈએલર્ટ છે ત્યારે આ પેકેટ ઝડપાઈ રહ્યા છે

કચ્છ, તા.૧૫

કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી સતત બીજા દિવસે ચરસ અને એક હેરોઈન ડ્રગનું પેકેટ ઝડપાયું છે. બીએસએફ દ્વારા જખૌના દરિયાઈ વિસ્તારમાંથી ચરસના ૧૦ પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત હેરોઈનનું પણ એક પેકેટ જપ્ત કરાયુંછે. જખૌથી ૧૧ કિલોમીટર દૂર નિર્જન કુંડી બેટ પરથી ૧ કિલોગ્રામના એવા ૧૦ ચરસના પેકેટ અને એક કિલો હેરોઈન ડ્રગ્સનું પેકેટ મળ્યા છે. એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં ચરસના ૫૦ પેકેટ અને હેરોઈનના ૯ પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે. સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને બીએસએફ હાઈ એલર્ટ છે ત્યારે આ પેકેટ ઝડપાઈ રહ્યા છે. રવિવારે અબડાસા તાલુકાના જખૌ નજીક આવેલ ખીદરત બેટ નજીક ફરી એક વખત ચરસના ૧૦ પેકેટ મળીઆવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. કચ્છના દરિયામાં ભરતી હોય ત્યારે વહેણ સાથે દરિયામાંથી જ અફઘાન બનાવટના ચરસના પેકેટો તરતાં મુકી દેવાય છે. આ પ્રકારે કચ્છના જખૌ આસપાસના બેટ વિસ્તારોમાં પહોંચી ચૂકેલા ચરસના ઘણા પેકેટ્સ અત્યાર સુધીમાં સીમા સુરક્ષા દળની ટૂકડીઓ પકડી ચૂકી છે. સીમા સુરક્ષાદળને પેટ્રોલિંગ દરમિયાન ખીદરતબેટ ટાપુ પાસે એક પીળા કલરની પ્લાસ્ટિકની બેગમાં ૧૦ ચરસના પેકેટ મળી આવ્યા હતા. દરેક પેકેટ ઉપર ઉડતા બાજનું નિશાન જોવા મળ્યું હતું. ૧ કિલોગ્રામના ૧૦ પેકેટ કબજે કરાયા હતા. બિનવારસી હાલતમાં આ પેકેટો મળીઆવ્યા હતા. ગુજરાતની તમામ સીમાઓ ઉપર સીમા સુરક્ષાદળ હાઈએલર્ટ પર છે અને જુદા જુદા સ્થળોએ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. એપ્રિલ ૨૦૨૩થી અત્યાર સુધી જખૌ વિસ્તારમાં ૪૦થી વધુ પેકેટો કબજે કરાયા છે. દરિયાઈ વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી છેલ્લા લાંબા સમયાથી થઈ રહી છે. આ પ્રકરણમાં અગાઉ પણ કેટલાક આરોપીઓ ઝડપાઈ ચુક્યા છે. ડ્રગ્સની હેરાફેરી સામે પારાથી થઈ રહી હોવાનું એજન્સીઓ જણાવી રહી છે. ત્યારે આ દિશામાં તંત્ર એલર્ટ મોડમાં જોવા મળે છે. ભારતમાં યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે ગૃહમંત્રાલય પણ આગળ આવ્યું છે અને કડક પગલા લઈ રહ્યું છે. ઉપરાંત જુદા જુદા સ્થળોએ સ્થાનિક પોલીસની મદદાથી ડ્રગ્સ માફિયાઓને ખુલ્લા પાડવા માટે ઝુંબેશ ઉપાડવામાં આવી છે. અત્યાર સુધી અનેક ડ્રગ્સ માફિયાઓને પોલીસે જેલ ભેગા કર્યા છે. અગાઉ મળેલા પેકેટો અફઘાન પ્રોડક્ટના હતા, જ્યારે રવિવારે મળી આવેલા પેકેટો અલગ પ્રોડક્ટના હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. જોકે આ બાબતે સીમાસુરક્ષા દળ દ્વારા આ ચરસ ક્યાથી આવ્યું છે તે અંગેની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

### ખેડૂતો માટે રાહતના સમાચાર

# તીડને લઈને કોઈ ખતરો ન હોવાનો કલેક્ટરનો દાવો

## બનાસકાંઠા તંત્ર રાજસ્થાનના તીડ વિભાગના સીધા સંપર્કમાં છે અમે કોઈપણ સ્થિતિને પહોંચી વળવા સક્ષમ હોવાનું કલેક્ટરે જણાવ્યુ હતું

બનાસકાંઠા, તા.૧૫

બનાસકાંઠામાં ખેડૂતો માટે સૌથી મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. તીડને લઈને કોઈ ખતરો ન હોવાનો કલેક્ટરનો દાવો છે. જિલ્લામાં હાલ તીડને લઈને કોઈ સંકટ નહીં હોવાનું કલેક્ટરે જણાવ્યુ છે. વહીવટી તંત્રના સરવેમાં તીડ નહોવાનું સામે આવ્યું છે. નિયંત્રણ વિભાગે તીડ નિયંત્રીત કર્યાનો દાવો કર્યો છે. બનાસકાંઠા તંત્ર રાજસ્થાનના તીડ વિભાગના સીધા સંપર્કમાં છે. અમે કોઈપણ સ્થિતિને પહોંચી વળવા સક્ષમ હોવાનું કલેક્ટરે જણાવ્યુ હતું.

બનાસકાંઠામાં ૩ વર્ષ પૂર્વે તીડે હાહાકાર મચાવ્યો હતો અને ખેડૂતોના પાકને વ્યાપક નુકશાન પહોંચાડ્યું હતું. ત્યારે ફરી એકવાર બનાસકાંઠાના સરહદી રાજ્ય રાજસ્થાનમાં તીડ જોવા મળ્યા હોવાની વાત સામે આવતા ખેડૂતોમાં ખુસીનો માહોલ વ્યાપ્યો હતો. જેને લઈને તીડ નિયંત્રણ વિભાગ હરકતમાં આવ્યું હતું. આ આ અંગે સર્વે પણ કરવામાં આવ્યો હતો જેમાં કોઈ પણ પ્રકારનો તીડનો ખાતરો નહીં હોવાનું સામે આવ્યું છે.

# અધિક માસ પુર્ણતા તરફ અને પાંચ દિવસ સળંગ રજાના કારણે સોમનાથ ઘુઘવ્યો માનવ સાગર





## મંદિર, ત્રિવેણી અને આસપાસના મંદિરો, ભોજનાલયમાં જબ્બર અપુર્વ ભીડ : પાર્કિંગ જગ્યા જ હવે નથી બચી તેમાં રહ્યું સહું ટુંકુ પડયું

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે અપુર્વ જબ્બર ભીડ સાથે માનવ દરિયો ઘુઘવ્યો હતો. વહેલી પરોઢથી જ એક-એક કિલોમીટર જેટલી દર્શનાર્થીઓની ભારે ભીડ સોમનાથ મંદિર, પ્રાચીન અહલ્યાબાઈ સોમનાથ મંદિર અને ટ્રસ્ટ ભોજનાલય પ્રસાદી ખાતે નજરે ચઢતી હતી. પુરૂષોતમ માસના છેલ્લા દિવસો, પવિત્ર શ્રાવણ માસ આગમન અને ખાસ કરીને સરકારી કચેરીઓમાં શનિ-રવિ રજા, પંદર ઓગસ્ટની રજા, પટેટી રજા અને ૧૪ તારીખની રજા મુકી પાંચ દિવસનું વેકેશન કારણે જે દિવાળી અને જન્માષ્ટમીની રજાઓમાં ભીડ થતી એ શ્રાવણ માસ પહેલા થઈ છે. બાઈક ચાલકો પરિવાર સાથે આવેલ તેઓને વાહન કયાં પાર્ક કરવું તે મુંઝવણમાં મુકાયા હતા. મંદિર પાસેના જુના પથિકાશ્રમ રોડ સાવ સાંકડો સામાનઘર અને મોબાઈલ લોકર પાસે બીનજરૂરી ભીડ-અવરોધ તેમજ સોમનાથ મંદિર દર્શન ગેટના પ્રથમ એન્ટ્રી ગેઈટ ઉપર પોલીસને બદલે ચોકીદારને ભરોસે રાખી વ્યવસ્થા હોય જેથી મંદિર ચેકિંગ કુટીર સુધી અનેકો પ્રતિબંધો વાળી વસ્તુઓ વાળાને છેક દુરથી પરત ફરવું પડતું હતું. જેથી પ્રથમ એન્ટ્રી ગેઈટે પોલીસ ત્યાંથી જ યાત્રિકોને નિયમ સમજ સાથે અટકાવી દે તો સુગમ બને વળી જુતાઘર, સામાન ઘર, મોબાઈલ લગેજ સાવ ઓછી ક્ષમતા રાખી શકે તેવા છે. તેમાં વધારો અને બીજા બુથ શ્રાવણ માસ પુરતા ખુલવા જોઈએ. સોમનાથ ટ્રસ્ટે જુતાઘરની ક્ષમતા અને બુથ વધારવા જોઈએ અને એન્ટ્રી ગેઈટ પાસે કોઈ જુતા ન ઉતારે તે અંગે ચોકીદાર પાસેથી ફરજ લેવી જોઈએ. જેથી વ્યાપક અવ્યવસ્થા ટળે તથા એન્ટ્રી ગેઈટ, નિકાસ ગેઈટ પાસે અવરજવરમાં કોઈ અવરોધ ન થાય આડા ન આવે તે પોલીસ નજર રહેવી જોઈએ. સોમનાથ ટ્રસ્ટે હાલનું જુનું તન્ના-દામાણી ગેસ્ટ હાઉસની ઈમારત પાડી છે તે સ્થળે વાહન પાર્કિંગ વધારાનું તેમજ ગીરીકુંડ પાસે જુના પાર્કિંગની બંધ કરેલી દિવાલ તોડી તથા વેણેશ્વર રોડ ઉપર દિવાલ બાંધી જે મેદાન બંધ કરેલ છે તે ફી પાર્કિંગ માટે ખુલ્લું કરવું જરૂરી છે. ગેસ્ટ હાઉસો હાઉસફુલ, ચિક્કાર હતા. વાહનોના પણ તડાકો હતો. સોમનાથના ત્રિવેણી સંગમ અન્ય મંદિરો ઠેરઠેર દર્શનાર્થી દર્શન, સ્નાન કરી ધન્ય બન્યા હતા.

## દ્વારકામાં અનધિકૃતરીતે ખંડણી ઉઘરાવવા તથા લૂંટ પ્રકરણના આરોપીઓને દબોચી લેવાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા, તા.૧૫


યાત્રાધામ દ્વારકામાં શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાબૂત બની રહે તે હેતુથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય દ્વારા કરવામાં આવેલી સૂચનાના અનુસંધાને દ્વારકામાં ગેરકાયદેસર રીતે ખંડણી ઉઘરાવવા સબબ દિપક બુધાભા માણેકની અટકાયત તેમજ અન્ય એક પ્રકરણમાં એક મહિલા પાસેથી લૂંટ ચલાવવા સબબ આરોપી રોહન અજાભા કેર (રહે. મીઠાપુર) સામે ધોરણસર નોંધાવામાં આવેલી પોલીસ ફરિયાદના અનુસંધાને દ્વારકાના પી.આઈ. જે.જે. ચૌહાણ તથા પી.એસ.આઈ. એ.એલ. બારસીયાએ આ અંગે તાકીદની કાર્યવાહી કરી અને ઉપરોક્ત બંને આરોપીઓને ઝડપી લીધા હતા. ત્યાર બાદ આ બંને શખ્સોને જેલ હવાલે કરી દેવામાં આવ્યા હતા.

# ‘સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ’ નામના ઈતિહાસ ગ્રંથનું રાજમાતા વડોદરાના શુભાંગીની રાજેના શુભ હસ્તે વડોદરા ખાતે લોકાર્પણ કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

ગુજરાતની સંસ્કાર નગરી તરીકે વડોદરા વિશ્વપ્રસિદ્ધ રહ્યું છે, જેણે સંસ્કૃતિ અને કલાનો ધ્વજ હંમેશા ઊંચો ફરકતો રાખ્યો તેની પાછળ મહારાજા સયાજીરાવ ત્રીજાની કલા અને શિક્ષણ પાછળની મહામૂલી દ્રષ્ટિ ગણાવી શકાય. જેમણે ગુજરાતના ભવિષ્યનો વિચાર કરી ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે પુસ્તકો સમાજને મળતા રહે તે માટે રૂપિયા બે લાખ અનામત મુકેલા એનાથી લોકોને સરળતાથી પુસ્તકો મળે તેમની જ્ઞાન ભૂખ, વાંચન ભૂખ સંતોષાય અને લેખકોની કલમને બળ અને પ્રોત્સાહન મળે છે. એ માટે બે લાખના વ્યાજમાંથી પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું તથા સંસ્કૃતિ અને વિદ્યા પ્રચાર અને જાળવણીનું કામ પ્રાચ્યવિદ્યામંદિર એટલે કે ઓરિએન્ટલ ઈન્સ્ટિટયૂટ કરે છે. આજે શ્રી સયાજી સાહિત્યમાળાનું ૩૮૪મું પુષ્પ જૂનાગઢની ખ્યાતનામ ડૉ.સુભાષ મહિલા કોલેજના અધ્યાપક ડો. પ્રદ્યુમ્ન ખાચરે ‘સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ’ આલેખેલ છે. જેના લોકાર્પણનો સોનેરી અવસર સંસ્કારનગરીમાં પ્રાચ્ય વિદ્યામંદિર ખાતે તા.૧૭-૮-૨૦૨૩ને ગુરૂવારના રોજ સાંજે પાંચ વાગ્યે ઉજવાય રહ્યો છે. આ પુસ્તકનું લોકાર્પણ વડોદરાના રાજમાતા શુભાંગીની રાજેના શુભહસ્તે કરવામાં આવશે, આ અવસરે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય વડોદરાના કુલપતિ ડો.વિજયકુમાર શ્રીવાસ્તવ અતિથિવિશેષ પદ શોભાવશે. આ ગ્રંથના લેખક ઈતિહાસના અધ્યાપક, સંશોધક, કટાર લેખક, યુટયુબર તરીકે પ્રસિદ્ધ રહ્યા છે. આ પુસ્તકના કુલ ૨૬ પ્રકરણોમાં સોરઠ અને બરડા પ્રદેશનો ઈતિહાસ ભૂગોળ, વિવિધ રાજ સત્તાઓ, પદ્ય સાહિત્ય, સોરઠ બરડાની વિભૂતિઓ, મંદિરો, સંસ્કૃત પાઠશાળા, મેળાઓ તથા એ સમયની રેલવે વ્યવસ્થા, ખેતીવાડી વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા, ગીરના જંગલની વ્યવસ્થા, ગિરનાર પર્વતની વહીવટી વ્યવસ્થા તથા સોરઠ પ્રદેશમાં થયેલી પુરાતત્વીય અને સાહિત્યિક પ્રવૃત્તિ વગેરેને સાડા ચારસો સબળ આધારો અને




અસલ દફતરો તપાસી આલેખન કરવામાં આવ્યું છે. સોરઠ અને બરડા પ્રદેશ ઉપર જે કોઈ વધુ સંશોધન કરવા માંગતા હોય કે પોતાના વિચારોને આગળ વધારવા માંગતા હોય, જાણવા માંગતા હોય તેમને આ પુસ્તક અવશ્ય પથપ્રદર્શક બની રહેશે. આ ગ્રંથને પાને પાને આધાર ટાંકેલ હોવાથી વાચકને તે વિશેષ વાંચન તરફ દોરી જશે. આ ઋષિવર્ય કાર્યને આપણે અભિનંદન આપીએ જેથી એ ગ્રંથના લખાણને પાંખાળી પ્રસિદ્ધિ મળે અને યોગ્ય વ્યક્તિ સુધી પહોંચે એમાં આપણું પણ તલભાર યોગદાનમાં સરસ્વતીના ચોપડે નોધાય એવી આશા રાખીએ. આ પુસ્તક પ્રાચ્યવિદ્યા મંદિર વડોદરાએ પ્રગટ કરેલ છે. આજ સુધીમાં ડો.પ્રદ્યુમ્ન ખાચરએ સમાજને ચરણે એકત્રીસ પુસ્તકો ધર્યા છે જેમાં જૂનાગઢ સંબધિત પાંચ પુસ્તકો આપી સોરઠને મૂલ્યવાન ગૌરવ અપાવ્યું છે.

# હર ઘર તિરંગા યાત્રામાં દેશભક્તિના રંગે રંગાયુ જૂનાગઢ

## હર ઘર તિરંગા યાત્રામાં પદાધિકારી-અધિકારી, પોલીસ, NDRF, SDRFના જવાનોની સાથે વિદ્યાર્થીઓ અને નાગરિકો પણ ઉત્સાહભેર જોડાયા











જૂનાગઢ, તા.૧૫

રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટના ઉજવણીના પૂર્વ દિવસે જૂનાગઢમાં બહાઉદ્દીન કોલેજથી કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ સુધીની 'હર ઘર તિરંગા યાત્રા' નીકળી હતી. તિરંગામય આ યાત્રામાં પદાધિકારી-અધિકારી,પોલીસ, **NDRF, SDRF**ના જવાનોની સાથે વિદ્યાર્થીઓ અને નાગરિકો પણ ઉત્સાહભેર જોડાયા હતા. આમ,હર ઘર તિરંગા યાત્રામાં જૂનાગઢ દેશભક્તિના રંગે રંગાયુ હતું.

મહંત ઈન્દ્રભારતીબાપુ, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, દેવાભાઈ માલમ, કલેકટર અનિલકુમાર રાણાવસિયા, કમિશ્નર રાજેશ તન્ના, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા સહિતના મહાનુભાવોએ હર ઘર તિરંગા યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતુ અને તિરંગા યાત્રામાં જોડાયા હતા. જૂનાગઢના રાજમાર્ગો ઉપર પસાર થઈને આ યાત્રાનું કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે સમાપન કરવામાં આવ્યું હતું. આ હર ઘર તિરંગા યાત્રાના સમાપન સમારોહમાં મહંત ઈન્દ્રભારતી બાપુએ સ્વાતંત્ર્ય પર્વની અગ્રીમ શુભકામના પાઠવતા દેશ માટે કુરબાન થતાં જવાનો માટે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ વીરગતિ શબ્દનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે દેશનો સીમાડો સાચવીને બેઠેલા જવાનોના સન્માનમાં મોબાઈલની ફ્લેશલાઈટ ઓન કરી જવાનો માટે કૃતજ્ઞતા પ્રગટ કરવા અનુરોધ કર્યો હતો. તેના પગલે સર્વે ઉપસ્થિતોએ ફ્લેશ લાઈટ ચાલુ કરી દેશના જવાનો માટે સન્માન પ્રગટ કર્યુ હતું.

સાંસદ રાજેશભાઈ ચુડાસમા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને દેશના લોકોએ ખૂબ ઉત્સાહ સાથે વધાવ્યું છે. સાથે જ વિદેશોમાં વસતા ભારતીયોએ પણ પોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવી હર ઘર તિરંગા અભિયાનમા સહભાગી બન્યા છે. આજે પ્રધાનમંત્રી મોદીના સક્ષમ નેતૃત્વના પરિણામે નયા ભારતની શક્તિનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. યુક્રેન-રશિયાના યુદ્ધમાં પણ ભારતીય વિદ્યાર્થીઓ-નાગરિકોને સુરક્ષિત બહાર આવવા માટે તિરંગાની શક્તિનો પરિચય સમગ્ર વિશ્વને જોવા મળ્યો હતો. મેયર શ્રીમતી ગીતાબેન પરમાર અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પોતાના ઘર, વ્યવસાય સહિતના સ્થળોએ તિરંગો લહેરાવી હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. સાથે જ તિરંગો લહેરાવતી વખતે રાષ્ટ્રધ્વજનું સંપૂર્ણ સન્માન જળવાઈ રહે, તિરંગાને ક્ષતિ ન થાય અને સુવ્યવસ્થિત ફરકાવવામાં આવે તે માટે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

કલેકટર અનિલકુમાર રાણાવાસિયાએ શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું કે, હર ઘર તિરંગા અને મારી માટી, મારો દેશ અભિયાનના પરિણામે રાષ્ટ્રીય ભાવનાની સાથે એક નવચેતનાના વાતાવરણનું નિર્માણ થયું છે. તેમ જણાવતા તેમણે કહ્યું કે, મહામુલી આઝાદી અને સ્વાતંત્ર્ય વીરોના બલિદાનોના પરિણામે મુક્ત રીતે હરી-ફરી શકીયે છીએ અને ખુલ્લી હવામાં શ્વાસ લઈ રહ્યા છીએ. પ્રધાનમંત્રીની પ્રેરણાથી શરૂ થયેલ મારી માટી, મારો દેશ અભિયાનમાં ગામડાઓ સહિતના જન-જન સહભાગી થઈ રહ્યા છે. દેશ માટે ન્યોછાવર થનાર શહીદોના સન્માનમાં શીલાફલકમ નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત રાષ્ટ્રીય એકતાના શપથની સાથે દેશને પ્રગતિને નવી ઊંચાઈ પર લઈ જવા માટે પંચ પ્રાણ પ્રતિજ્ઞા પણ લેવામાં આવી રહી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણાએ હર ઘર તિરંગા અને મારી માટી, મારો દેશ અભિયાનમાં સહભાગી થવા માટે લોકોને અનુરોધ કર્યો હતો. સાથે જ આ કાર્યક્રમના સફળ આયોજન માટે જિલ્લા વહિવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.આ પ્રસંગે જુદી જુદી શાળાઓની વિદ્યાર્થીનીઓએ દેશભક્તિસભર અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા અને રાષ્ટ્રગાન સાથે સમગ્ર કાર્યક્રમ પૂર્ણ જાહેર થયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના શ્રીમતી કંચનબેન ડઢાણીયા, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, નિવાસી અધિક કલેકટર પી.જી. પટેલ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, જિલ્લા શિક્ષણાધિકારી વાઢેર, પ્રાથમિક શિક્ષણાધિકારી વિપુલ ઘુંચલા, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના પદાધિકારી-અધિકારી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મારી માટી, મારો દેશ-માટીને નમન વીરોને વંદન

# કેશોદના મઘરવાડા ગામે ૪ નિવૃત આર્મીમેનનું સન્માન



જૂનાગઢ, તા.૧૫

આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત મારી માટી, મારો દેશ અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. કેશોદ તાલુકાના મઘરવાડા ગામની પ્રાથમિક શાળા ખાતે મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત શિલાફલકમ, વીર વંદના, પંચ પ્રાણપ્રતિજ્ઞા, વસુધા અને રાષ્ટ્ર વંદનના કાર્યક્રમો યોજાયો હતો.

કેશોદ તાલુકાના મઘરવાડા ગામની પ્રાથમિક શાળા ખાતે મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેશની રક્ષા કાજે આર્મીમાં ફરજ બજાવી ચૂકેલા ભગવાનજીભાઈ ડાંગર, કાનાભાઈ હેરભા, કાળુભાઈ હેરભા અને નાગદાનભાઈ જલુનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શીલાફલકમ, વીર વંદના, પંચ પ્રાણપ્રતિજ્ઞા, વસુધા અને રાષ્ટ્ર વંદન કાર્યક્રમ યોજાયા હતા અને હાથમાં દિપક પ્રગટાવી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે અથાગ પરિશ્રમ કરીશું, ગુલામીની માનસિકતાના તમામ નિશાનોને નાબૂદ કરીશું, આપણા દેશના ભવ્ય વારસા ઉપર ગર્વ લઈશું અને તેનું જતન કરીશું, આપણા રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે કામ કરીશું, રાષ્ટ્ર પ્રત્યેની અમારી અતૂટ ફરજો પુનઃપુષ્ટિ કરી પાલન કરીશુંની પ્રતિજ્ઞા લીધી હતી અને ગામની પ્રાથમિક શાળા, આરોગ્ય કેન્દ્ર સહિતના જાહેર સ્થળોએ ૭૫ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભૂતપૂર્વ સરપંચ જેસિંગભાઈ હેરભા, તલાટી કમ મંત્રી વી.એલ. જિંદાણી, આંકડા મદદનીશ, મહેશભાઈ ગોહેલ, અગ્રણી મેઘાભાઈ સિહાર, નાગદાન હેરભા, માંડણભાઈ હેરભા, સંજયભાઈ હેરભા, વન વિભાગમાંથી ભરડાભાઈ, શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'મારી માટી મારો દેશ' નિમિતે પંચપ્રણના શપથ લેવાયા




જૂનાગઢ, તા.૧૫

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'મારી માટી મારો દેશ' અભિયાન હેઠળ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા કુલપતિશ્રી પ્રો.(ડો.) ચેતનભાઇ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને પંચપ્રણના શપથ લેવડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિકસિત ભારતનું લક્ષ્ય, ગુલામીના દરેક નિશાનમાંથી સ્વતંત્રતા, આપણા વારસા પર ગર્વ, એકતા અને એકસૂત્રતા, નાગરિકોમાં ફરજની ભાવના વિગેરે સાથે વિદ્યાર્થીઓને આઝાદીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સાથે સાથે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના નવા બની રહેલા કેમ્પસમાં ૭૫ જેટલા વૃક્ષોનું વાવેતર કરી 'અમૃતવાટિકા'નામકરણ કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી પ્રો.(ડો.)ચેતનભાઇ ત્રિવેદીએ ખુદે પંચપ્રણના શપથ તમામ વિદ્યાર્થીઓને લેવડાવ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી બોલતા કુલપતિ પ્રો.(ડો.) ચેતનભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ભારત દેશ શહીદોનો દેશ છે, ઘણા બધા સ્વાતંત્ર્યવીરોએ પોતાનું બલિદાન આપી આપણને આઝાદી અપાવી છે ત્યારે આપણે આ મહામૂલી આઝાદીને ધ્યાને રાખી ભારતને વિશ્વગુરૂ બનાવીએ અને આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્રને સાર્થક કરીએ. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આપણા ભવ્ય વારસા ઉપર આપણને ગર્વ છે, સમગ્ર ભારતમાં એકતા અને એકસૂત્રતા જળવાઈ રહે અને વિકસિત ભારતનું લક્ષ્ય વહેલાસર સાર્થક થાય તે માટે ભારતનું યુવાધન નિષ્ઠાપૂર્વક અને કાર્યદક્ષતાથી પોતાની ફરજ નિભાવે તે આજના સમયની માંગ છે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડો. ડી. એચ. સુખડીયા, આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર ડો.મયંક સોની, સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડો.જયસિંહ ઝાલા, કોમર્સ ભવનના ડો.ભાવસિંહ ડોડીયા, લાઈફસાયન્સ ભવનના ડો.રાજેશ રવિયા, એન.એસ.એસ. કોઓર્ડીનેટર ડો.પરાગ દેવાણી, સમાજશાસ્ત્ર ભવનના તથા અન્ય ભવનના વિદ્યાર્થીઓ વગેરે જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન મારી માટી મારો દેશ કાર્યક્રમના નોડલ ઓફિસર ડો.પરાગ દેવાણીએ કર્યુ હતું.

# કોડીનારના ધારાસભ્ય ડો. પ્રદ્યુમ્ન વાજાની અધ્યક્ષતામાં મેરી મિટ્ટી મેરા દેશ અભિયાન કાર્યક્રમ યોજાયો

### કોડીનાર શહેર અને તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને સર્વ સમાજના લોકો દ્વારા સલામી અને શપથ તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત ૭૫ વૃક્ષ વાવવામાં આવ્યા




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૫


ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમની ધારાસભ્ય ડો.પ્રદ્યુમ્ન વાજાની હાજરીમાં અને અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સર્વે સમાજના લોકો રાષ્ટ્રીય ભાવનાથી જોડાયા હતા. ભારત સરકાર દ્વારા શહીદોના સન્માનમાં અને દેશની માટીના માનમાં આ કાર્યક્રમ અંતર્ગત દેશના ગામે ગામ સ્મારકો નિર્માણ કરી, શપથ વિધિ સાથે રાષ્ટ્રીય ગાન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ ૯ ઓગસ્ટ થી ૩૦ ઓગસ્ટ સુધી ચાલશે અને દેશભરમાં કાર્યક્રમો થશે.મેરી માટી મેરા દેશ અભિયાન અંતર્ગત દેશભરમાં અમૃત કળશ યાત્રા શરૂ કરવામાં આવી છે.૭૫૦૦ કળશ સાથે આ રાષ્ટ્રીય યાત્રા દિલ્હી પહોંચશે.આ માટી અને છોડ દ્વારા અમર શહીદ સ્મારક પાસે નિર્માણ પામશે અમૃત વાટિકા, ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત ૧.૫૦ કરોડ લોકો જોડાશે અને ૧૦ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે જેપૈકી ૭૫ વૃક્ષારોપણ સાથે કોડીનારએ શરૂઆત કરી તેનો યશ અન્ય ગામડાઓની જેમ કોડીનારને જાય છે.આજના કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. પ્રદ્યુમ્ન વાજા, સુભાષભાઈ ડોડિયા, દિલીપભાઈ મોરી, ભગુભાઈ પરમાર, શિવાભાઈ સોલંકી, ધર્મેન્દ્રસિંહ સોલંકી, નગરપાલિકા પૂર્વ કોર્પોરેટર, કોડીનાર મામલતદાર, તાલુકાના અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર અને ટીમ તેમજ હોમગાર્ડ ટીમ સાથે બધા જ તાલુકા કક્ષાએથી અધિકારીઓ અને કર્મચારીની ટીમ સાથે પંચાયત કચેરી અને તલાટી મંત્રી તેમજ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા રેલી, શપથ, રાષ્ટ્ર ગાન સાથે અભિયાનને વંદન કર્યા હતા. છારા ઝાપા વિસ્તારથી પાણી ઝાપા સુધી રેલી કાઢી હતી તેમજ સાથોસાથ આર્મીમેનનું સન્માન કર્યુ હતું.

### જૂનાગઢ જીલ્લા સંકલન ફરિયાદ સમિતિની બેઠક તા.૧૯ ઓગસ્ટના યોજાશે

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જિલ્લા સંકલન ફરિયાદ સમિતિની બેઠક તા.૧૯ ઓગસ્ટના રોજ યોજાશે. જિલ્લા સંકલન સમિતિ તથા ફરિયાદ સમિતિની મીટીંગ દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. ઓગસ્ટ મહિનાની જિલ્લા સંકલન સમિતિ તથા ફરિયાદ સમિતિની મીટીંગ તા.૧૯ ઓગસ્ટના શનિવારના સવારે ૧૦ કલાકે યોજવામાં આવનાર છે.જેની સંબંધીત અધિકારીઓએ નોંધ લેવા નિવાસી અધિક કલેકટર શ્રી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી બગસરા દ્વારા સ્કુલ બેગ એનાયત કરવામાં આવી



જૂનાગઢ, તા. ૧૫

જૂનાગઢ જિલ્લાની ભેસાણ તાલુકાની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સેન્ટર પ્રાથમિક શાળા ભેસાણના ધોરણ-૧ તથા બાલ વાટીકામાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓને બગસરા તાલુકાની શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી દ્વારા સ્કૂલબેગ આપવામાં આવી હતી.

શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી ઘણી બધી સહકારી અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી છે ત્યારે આ વર્ષે એક સરકારી પ્રાથમિક શાળાના નાના નાના ભૂલકાઓને સ્કૂલબેગ આપી અન્ય સહકારી મંડળીઓને પણ પ્રેરણા પૂરી પાડી છે. આ તકે શાળાના આચાર્ય ચુનીલાલ વાઘેલા તથા સંસ્થામાં દાન આપવા પ્રેરિત કરેલ એવા શિક્ષક ડો. કિશોરભાઈ શેલડીયા સહિતના તમામ સ્ટાફ મિત્રોએ આ ઉમદા કાર્યની પ્રશંસા કરી અને આ સંસ્થાનો આભાર પ્રગટ કર્યો હતો. ભવિષ્યમાં પણ આ સંસ્થાનો આવી રીતે શાળાને સાથ અને સહકાર મળી રહે તે માટે અભિલાષા વ્યકત કરેલ. સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિ બદલ શાળાના એસએમસી સભ્યોએ તથા વાલીઓએ સંસ્થાના પ્રમુખ એવા કિરીટભાઈ નડિયાધરાનો તથા અન્ય ડિરેકટરોનો આભાર વ્યકત કર્યો હતો.

### કલેક્ટર ગઢવીને સસ્પેન્ડ કરાયા બાદ તપાસમાં આવી ગતિ !

# ગઢવીની ઓફિસમાં સ્પાય કેમેરાને લઈ જાસૂસીના એન્ગલથી તપાસ હાથ ધરાઈ

ગાંધીનગર,તા.૧૫

આણંદ કલેક્ટર ડી.એસ.ગઢવીના સસ્પેન્શન બાદ તપાસનો ધમધમાટ ગતિમાં આગળ વધી રહેલ છે. CMOમાંથી દરેકનો રિવ્યૂ કર્યા બાદ ડી.એસ.ગઢવી અને GAS અધિકારી કેતકી વ્યાસના તમામ સ્ટાફને છૂટો કરી દેવામાં આવ્યો છે. હવે કેતકી વ્યાસની બદલી થયા બાદ થયેલા તમામ ટ્રાન્સફર ઓર્ડરને ફરી બદલવામાં આવશે. તો ૧૫ ઓગસ્ટ બાદ તોમર તપાસ સમિતિ આણંદ જઈ સમગ્ર મામલે ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરશે તેવી વિગતો સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. ગુજરાતના શાસક ભાજપમાં હાલ એક તરફ પાટીલ પત્રિકા કાંડની ચર્ચા છે તો બીજી તરફ આણંદના સસ્પેન્ડેડ કલેક્ટર ડી.એમ.ગઢવીની ઓફિસમાં સ્પાય કેમેરા તથા તેમના એક મહિલા સાથેના વાયરલ થયેલા શોર્ટ વિડીયો બાદ જીલ્લા કલેકટર કક્ષાના અધિકારીની 'જાસૂસી' શા માટે થતી હતી તે તપાસ થઈ રહી છે. તેમાં અધિક નિવાસી કલેકટરથી કોન્ટ્રાકટ ઉપર રહેલા કર્મચારીઓની આસપાસ તપાસ થતા જ હવે સીએમઓ દ્વારા એક બાદ એક આદેશ આપી રહ્યા છે. પહેલા ગઢવીને સસ્પેન્ડ કરાયા બાદમાં અધિક નિવાસી કલેકટર કેતકી વ્યાસની બદલી કરી દેવામાં આવી. તે પછી હવે કોન્ટ્રાકટ ઉપર રહેલા અને 'પેધી' ગયેલા કેટલાક કર્મચારીઓની ભૂમિકા ખુલતા જ તેઓને તાત્કાલીક છૂટા કરાયા છે તો ગઢવી તથા વ્યાસની આસપાસના અનેક અધિકારી તથા તેના સ્ટાફની બદલી કરી સમગ્ર કલેકટર કચેરીની સાફસુફી થઈ રહી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. સરકારે એડી. ચીફ સેક્રેટરી સુનયના તોમરને તપાસ સોંપી છે પરંતુ સ્વતંત્રતા દિન ઉજવણી સહિતની કામગીરીમાં તેઓ તથા તેમની ટીમ વ્યસ્ત હોવાથી હવે તા.૧૬ બાદ તેઓ આણંદ જશે. સરકાર પણ હાલ કોઈ વધુ માહિતી જાહેર ના થાય તે જોવા માંગે છે. આણંદના કલેક્ટર ડી.એસ.ગઢવીને સસ્પેન્ડ કરવામાં આવતા રાજયભરમાં ચર્ચા વ્યાપક બની છે. જેમાં ડી.એસ.ગઢવી મહિલા સાથે આપતિજનક સ્થિતિમાં ઝડપાતા અને તેમનો વીડિયો વાયરલ થયા બાદ તાત્કાલિક અસરથી કલેક્ટરને સસ્પેન્ડ કરાયા કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે તપાસ સમિતિ પણ નિમવામાં આવી છે. ત્યાર બાદ હવે ડી.એસ.ગઢવી અને RAC કેતકી વ્યાસના તમામ સ્ટાફને પણ છૂટો કરી દેવાયો છે. CMOમાંથી દરેકનો રિવ્યૂ કરી સફાયો કરવા આદેશ છૂટ્યા હોવાનું જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૮ની બેચના IAS અધિકારી ડી.એસ.ગઢવી ઓફિસ સમય દરમ્યાન ઓફિસમાં મહિલા સાથે આપતિજનક સ્થિતિમાં ઝડપાયા હતા. જેની વીડિયો ક્લિપ વાયરલ થઈ હતી. જે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુધી પહોંચી હતી. જે બાદ તેઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા હતા. તો સમગ્ર મામલાની તપાસ માટે મહિલા અધિકારીઓની ટીમને જવાબદારી સોંપવામાં આવી હતી. IAS અધિકારી ચેમ્બરમાં સ્પાય કેમેરા કોણે ગોઠવ્યો, કઈ રીતે સમગ્ર વીડિયો શૂટ કરાયો જેવા અનેક સવાલ ઉઠી રહ્યા છે. આ વિવાદમાં બીજો પણ ખુલાસો સામે આવ્યો છે. ડી.એસ.ગઢવી અને અધિક નિવાસી કલેક્ટર કેતકી વ્યાસ વચ્ચે વિવાદ હતો. બંને અધિકારીઓ વચ્ચે વહીવટી કાર્યવિસ્તારને લઈને વિવાદ ચાલતો હતો. વિવાદને લઈને નજર રાખવા સ્પાય કેમેરા લગાવ્યાની ચર્ચા છે. બંને અધિકારી વચ્ચે ભાગબટાઈને લઈને પણ વિવાદ હોવાની ચર્ચા છે. સમગ્ર મામલો મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યો હતો. અગાઉ ડી.એસ.ગઢવી સુરતમાં DDO તરીકે ફરજ બજાવતા હતા. DDOના કાર્યકાળ દરમ્યાન સોલાર લાઈટમાં ગોલમાલ કરી હતી. માંગરોળના જીનોર ગામમાં ટેન્ડર વગર સોલાર લાઈટનું કામ કર્યું હતું. નિયત ક્વોલિટી કરતા હલકી ગુણવત્તાની સોલાર લાઈટ નાખવામાં આવી છે. તેમજ બાંકડાની ખરીદીમાં પણ ગોલમાલ થઈ હતી. કાગળ ઉપર બાંકડાની ખરીદી થઈ પણ બાંકડા પહોંચ્યા જ નહીં. તેઓએ ૩૭ તલાટીની બદલી કરી હતી જેની સામે પણ સવાલો ઉભા થયા હતા. આમ ગઢવીના કાર્યકાળ દરમ્યાનના આવા વિવિધ બનાવો અંગે પણ તપાસ હાથ ધરાય તેમ જણાય છે.

# ૨,૧૦૩ મૃત લાભાર્થીઓને પણ પેન્શન તરીકે ૨ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા, ૨.૮ કરોડ રૂપિયા પ્રચાર માટે ફાળવવામાં આવ્યા : CAGનો અહેવાલ





(એજન્સી) તા.૧૫

ભારતના કોમ્પ્ટ્રોલર ઓડિટર જનરલે તેના અહેવાલમાં જણાવ્યું છે કે, ગ્રામીણ વિકાસ મંત્રાલય (MORD) એ ૨૬ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨,૧૦૩ રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ (NSAP) ના લાભાર્થીઓને તેમના મૃત્યુ પછી પણ રૂા. ૨ કરોડની રકમની પેન્શનની ચૂકવણી કરી છે, અને રૂા. ૨.૮૩ કરોડનું ભંડોળ પ્રચાર અને પ્રચાર માટે ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. NSAPના ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ સુધીના પ્રદર્શન ઓડિટ પર CAGનો રિપોર્ટ લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં જણાવાયું છે કે NSAP માર્ગદર્શિકા અનુસાર, મૃત્યુ અથવા સ્થળાંતર અથવા BPL અથવા અન્ય કોઈ કારણોસર પેન્શનરનું પેન્શન બંધ થઈ શકે છે અને તે મુજબ પેન્શન ચૂકવણી અટકાવવી જોઈએ. તેમાં કહેવામાં આવ્યું છે કે ગ્રામ પંચાયતો અથવા નગરપાલિકાઓ પેન્શનરનાં મૃત્યુના દરેક કેસની જાણ નિયુક્ત મંજૂરી સત્તાધિકારીને કરશે. મૃત્યુની જાણ ન થવાથી લાભાર્થીના મૃત્યુ પછી પણ આ પેન્શન ચાલુ રહે છે અને પેન્શનની અનિયમિત ચુકવણી તરફ દોરી જાય છે. અરૂણાચલ પ્રદેશ, આસામ, બિહાર, દિલ્હી, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કેરળ, , મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરી, લદ્દાખ જેવા ૨૩ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કિસ્સામાં લાભાર્થીઓના મૃત્યુની જાણ ગ્રામ પંચાયતો અથવા નગરપાલિકાઓ દ્વારા સમયસર કરવામાં આવી ન હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં, એનએસએપી લાભાર્થીઓના મૃત્યુ પછી પણ ૨,૧૦૩ લાભાર્થીઓના કિસ્સામાં બે કરોડ રૂપિયાની પેન્શનની ચુકવણી કરવામાં આવી હતી. પશ્ચિમ બંગાળમાં ૪૫૩ લાભાર્થીઓને ૮૩.૨૭ લાખ રૂપિયા, ગુજરાતમાં ૧૧.૮૩ લાખના મૂલ્યના ૪૧૩ લાભાર્થીઓને અને ત્રિપુરામાં ૨૫૦ લાભાર્થીઓને તેમના મૃત્યુ પછી પણ ૧.૮૩ લાખ રૂપિયા મળ્યા છે. લાભાર્થી સર્વેક્ષણ દરમ્યાન એવું જોવામાં આવ્યું હતું કે ૮,૪૬૧ લાભાર્થીઓમાંથી ૨૯૦ કિસ્સામાં, લાભાર્થીઓના મૃત્યુ પછી પણ પેન્શનની ચુકવણી ચાલુ રાખવામાં આવી હતી. આ દર્શાવે છે કે મૃત્યુની જાણ કરવી અને પેન્શન બંધ કરવાનું કામ કરવામાં આવ્યું નથી, જે એનએસએપી માર્ગદર્શિકા મુજબ જરૂરી છે. ગ્રામ પંચાયતો અથવા નગરપાલિકાઓ દ્વારા NSAP લાભાર્થીઓના મૃત્યુની જાણ સંબંધિત સત્તાવાળાઓને સમયસર ન કરવાને કારણે પેન્શનની અનિયમિત ચુકવણી થઈ હતી. લાભાર્થીઓના મૃત્યુ પછી પેન્શનની ચૂકવણી ચાલુ રાખવાથી બચવા માટે પ્રમાણપત્રો, વગેરે સબમિટ કરવા જેવા પગલાં સાથે તે સંબોધિત કરવાની જરૂર છે. CAGના અહેવાલમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે MoRD એ NSAPમાંથી વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાઓ જેવી કેટલીક અન્ય યોજનાઓને જાહેર કરવા માટે ભંડોળ ડાયવર્ટ કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે NSAP હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફાળવણીનો હેતું NSAPની વિવિધ પેટા યોજનાઓ હેઠળ પેન્શનના વિતરણ માટે હતો. રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશને કુલ ફાળવણીમાંથી, ત્રણ ટકા ભંડોળ વહીવટી ખર્ચ માટે હતું. ઓડિટ દરમ્યાન મંત્રાલય અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા NSAP માટે ફાળવવામાં આવેલા ભંડોળમાંથી ભંડોળને ડાયવર્ઝન કરવાના અનેક કિસ્સા નોંધાયા હતા. જાન્યુઆરી ૨૦૧૭માં MoRD એ મંત્રાલયના તમામ કાર્યક્રમો અને યોજનાઓને યોગ્ય પ્રચાર આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હોર્ડિંગ્સ દ્વારા પ્રચાર કરવાનું નક્કી કર્યું હતું. રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશની દરેક રાજધાની શહેરમાં ૧૦ હોર્ડિંગ્સની મર્યાદા સાથે હોર્ડિંગ્સ દ્વારા પ્રચાર અભિયાન માટે ૩૯.૧૫ લાખ રૂપિયાની વહીવટી મંજૂરી અને નાણાકીય મંજૂરી લેવામાં આવી હતી. ૧૯ રાજ્યો માટે દરેક જિલ્લામાં પાંચ હોર્ડિંગ્સ દ્વારા ગ્રામ સમૃદ્ધિ, સ્વચ્છ ભારત પખાવાડા અને મંત્રાલયની બહુવિધ યોજનાઓની પ્રચાર સામગ્રીના પ્રચાર માટે ૨.૪૪ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી અને ખર્ચની મંજૂરી લેવામાં આવી હતી. ઉપરોક્ત ઝુંબેશ માટેના ભંડોળ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ઉપલબ્ધ હોવાનું જણાવવામાં આવ્યું હતું. જોકે, ઓડિટમાં જણાયું હતું કે આ ભંડોળ ખરેખર સામાજિક સુરક્ષા કલ્યાણ-NSAP યોજનાઓમાંથી ખર્ચવામાં આવ્યું હતું. NSAP હેઠળ આયોજિત IEC પ્રવૃત્તિઓ કલ્પના મુજબ હાથ ધરવામાં આવી ન હતી અને મંત્રાલયની અન્ય યોજનાઓના સંદર્ભમાં ઝુંબેશ માટે રૂા. ૨.૮૩ કરોડના ભંડોળને ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

# ભારતના ચૂંટણી પંચ (ECI)એ આસામ સીમાંકન ઉપર અંતિમ અહેવાલ પ્રકાશિત કર્યો; એક લોકસભા, ૧૯ વિધાનસભા બેઠકોના નામકરણમાં સુધારો

નવી દિલ્હી તા.૧૫

ભારતના ચૂંટણી પંચ (ECI) એ ૧૧ ઓગસ્ટના રોજ આસામમાં વિધાનસભા અને સંસદીય મતવિસ્તારના સીમાંકન અંગેનો અંતિમ અહેવાલ પ્રકાશિત કર્યો હતો, જેમાં તેમની કુલ સંખ્યા અનુક્રમે ૧૨૬ અને ૧૪ યથાવત રાખવામાં આવી હતી. તેના આ અંતિમ આદેશમાં, ચૂંટણી પેનલે એક સંસદીય અને ૧૯ વિધાનસભા મતવિસ્તારોના નામકરણમાં સુધારો કર્યો છે. ચૂંટણી મંડળના નિવેદન અનુસાર, ૧૯ વિધાનસભા અને બે લોકસભા મતવિસ્તાર અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત રાખવામાં આવ્યા છે. એક લોકસભા અને નવ વિધાનસભા મતવિસ્તાર અનુસૂચિત જાતિ (SC) માટે અનામત રાખવામાં આવ્યા છે. આ અહેવાલને અંતિમ સ્વરૂપ આપતા પહેલા ૧,૨૦૦થી વધુ રજૂઆતો ઉપર વિચાર કરવામાં આવ્યો હતો. પેનલ દ્વારા મળેલા સૂચનો અને વાંધાઓમાંથી ૪૫ ટકાને અંતિમ ક્રમમાં સંબોધવામાં આવ્યા હતા. રાજ્યના તમામ વિધાનસભા અને સંસદીય મતવિસ્તારોને ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે સીમાંકિત કરવામાં આવ્યા હતા. જનગણતરી કમિશનર દ્વારા પ્રકાશિત ૨૦૦૧ના વસ્તી ગણતરીના આંકડા આ હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જનતાના સભ્યોની માંગને ધ્યાનમાં રાખીને એક સંસદીય અને કેટલાક વિધાનસભા મતવિસ્તારોને "નામો" આપવામાં આવ્યા છે જેમ કે દરરંગ- ઉદલગીરી, હાજો- સુલકુચી, બોકો- ચાયગાંવ, નાગાંવ-બટાદરાબા, ભવનીપુર- સોરભોગ અલ્ગાપુરકાટલીચેરા. અંતિમ અહેવાલની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓનો ઉલ્લેખ કરતા, ECI એ જણાવ્યું હતું કે સૌથી નીચું વહીવટી એકમ ગ્રામીણ વિસ્તારોમાં 'ગામ' અને શહેરી વિસ્તારોમાં 'વોર્ડ' તરીકે લેવામાં આવ્યું છે. ગામ અને વોર્ડ અકબંધ રાખવામાં આવ્યા છે. SC વિધાનસભાની બેઠકો આઠથી વધીને નવ અને ST વિધાનસભાની બેઠકો ૧૬થી વધીને ૧૯ થઈ ગઈ છે. બોડોલેન્ડ જિલ્લાઓમાં વિધાનસભા મતવિસ્તારોમાં પણ ૧૧થી ૧૫નો વધારો થયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર અનુપ ચંદ્ર પાંડે અને અરૂણર ગોયલના આ પંચે જુલાઈમાં ગુવાહાટીમાં આયોજિત જાહેર બેઠકો દરમ્યાન રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, નાગરિક સમાજ સંગઠનો અને જનતાના સભ્યો પાસેથી ડ્રાફ્ટ સીમાંકન પ્રસ્તાવ ઉપર સુનાવણી કરી હતી અને તેમાં લોકો, જનપ્રતિનિધિઓ, રાજકીય નેતાઓ અને અન્ય હિતધારકોને તેમના વિચારો વ્યક્ત કરવાની તક આપવામાં આવી હતી. આ જાહેર સુનાવણી સીમાંકનની પ્રક્રિયા દરમ્યાન કમિશન દ્વારા સલાહકાર ક્વાયતનો એક ભાગ હતી. જાહેર નોટિસના જવાબમાં સૂચનો અને વાંધાઓ દાખલ કરનારા તમામ લોકોને ખાસ સાંભળવામાં આવ્યા હતા.

લાલ કિલ્લાની પ્રાચીર પરથી સ્વાતંત્ર્ય દિન સમારોહનું સીધું પ્રસારણ સવારે ૯.૧૫ વાગ્યાથી દુરદર્શન નેટવર્ક પર

# MSME એકમો માટે ZED સર્ટિફિકેશન ફાયદારૂપ

## ZED ( ZERO EFFECET, ZERO DEFECT) સર્ટિફિકેટ મેળવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે

જૂનાગઢ, તા.૧૫

કેન્દ્ર સરકારે MSME એકમો વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવવા, તેમને ટકાઉ બનાવવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચેમ્પિયન તરીકે પરિવર્તિત કરવા માટે ઝીરો ડીફેક્ટ ઝીરો ઈફેક્ટ (ZED) પહેલની કલ્પના કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશના MSMEs ને વૈશ્વિક ધોરણે સક્ષમ બનાવવાનાં હેતુંથી ZED સર્ટીફીકેશન યોજના એપ્રિલ-૨૦૨૨ માંજાહેર કરવામાં આવી છે. કેન્દ્ર સરકારનાં ઉદેશ્યને ધ્યાને રાખી રાજય સરકાર દ્વારા આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસીસટન્સ ટુ MSMEs ૨૦૨૨ હેઠળ સ્જીસ્ઈ એકમો કાર્યક્ષમ બનીને ગુણવત્તાયુક્ત ઉત્પાદન પ્રણાલી અપનાવી ZED સર્ટીફીકેશન મેળવવા થયેલ ખર્ચના ૫૦% લેખે મહતમ રૂા.૫૦,૦૦૦/- સુધીની સહાય (ભારત સરકાર દ્વારા આપવામાં આવતી સહાય બાદ કર્યા પછી) આપવામાંઆવે છે. UDYAM રજીસ્ટ્રેશનપોર્ટલ સાથે નોંધાયેલ તમામ MSME એકમો ZED પ્રમાણપત્ર અને સંબધિત લાભો/ પ્રોત્સાહન મેળવવા માટે પાત્રતા ધરાવશે. ZED સર્ટીફીકેટ મેળવવા માટેની પ્રક્રિયામાં MSME એકમે ZED સર્ટીફીકેટ મેળવવા ઓનલાઈન રજીસ્ટ્રેશન (નિઃશુલ્ક/ફી) ભારત સરકારનાં પોર્ટલ www.zed.msme.gov.in ઉપર કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન બાદ એક Certification Level – 1 : બ્રોન્ઝ, Certification Level – 2 : Silvery™u Certification Level – 3 :Gold એમ ત્રણ ZED સર્ટીફીકેટ મેળવી શક્શે.

MSMEનેવૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતેમજ સક્ષમ બનાવવા માટે નાણકીય અને ટેકનિકલ સપોર્ટ કરવાનો છે. અદ્યતન ટેકનોલોજી, સાધનોનો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત ઉત્પાદનોના ઉત્પાદન માટે સ્જીસ્ઈને પ્રોત્સાહિત કરવા અને પર્યાવરણ પર ઓછામાં ઓછી અસર સાથે ઉચ્ચ ગુણવત્તા અને ઉચ્ચ ઉત્પાદકતા પ્રાપ્ત કરવા માટે તેમની પ્રક્રિયાને સતત અપગ્રેડ કરવાનો છે. નિકાસને સક્ષમ કરવા માટે MSME માં ZERO DEFECT ઉત્પાદનનાં વિકાસ માટે ઈકો સિસ્ટમ વિકસાવવાની અદ્યતન પહેલ છે. ઉત્પાદનમાં વધારો કરી શકે છે, પર્યાવરણીય જાગૃતિ વધારી શકે છે તેમજ કુદરતી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોજ કરી તેમના બજારોનું વિસ્તરણ કરી શકે છે. તેવા ZED સર્ટીફીકેશનના ફાયદા થશે.

ઉપરોક્ત ZED સર્ટીફીકેશનનાં લાભ મેળવવા માટે તેમજ MSME એકમોને જાગૃત કરવા અને નિયત થયેલપધ્ધતિ અનુસરવા માટે મદદરૂપ થઈ શકાય તે હેતુથી QUALITY COUNCIL OF INDIA(QCI) એ એમ્પેનલ કરેલ એજન્સીઓ 4C KNOWLEDGE CONSULTING PVT LTD., EFFORTS CONSULTING, SEPARIS KNOWLEDGE SOL PVT LTD., HERE QUALITY EXCELLENCE PVT LTD. ,PERFECT CONSULTING., ASTRALEUS SERVICE PVT LTD દ્વારા MSME એકમોનો સંપર્ક કરવામાં આવે ત્યારે એમ્પેનલ એજન્સીઓને સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે. વધુમાં, ZED રજીસ્ટ્રેશન અને સર્ટીફીકેટશન માટે એમ્પેનલ એજન્સીઓ દ્વારા કરવામાં આવતા હેન્ડહોલ્ડીંગ સપોર્ટ માટે MSME એકમોએ કોઈ પણ પ્રકારનો ચાર્જ-ફી ચુકવવાની રહેશે નહિ.

# આઝાદીના અમૃત મહોત્સવ નિમિતે આપણા ઘર કે ઓફિસ ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવીએ



મારી માટી મેરા દેશ અને હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ગુજરાતના ૧ કરોડથી પણ વધુ ઘરો પર લહેરાશે ત્રિરંગો, ૧૩ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન યોજાનારા આ અભિયાન અંતર્ગત k.c.c. "ક્રિષ્ના આર્કેડ" ખાતે સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને ભારતીય જનતા પાર્ટીના હોદેદાર કાર્યકરો,આગેવાનો અને orbit classis ના વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં રાષ્ટ્રભાવના સંકલ્પ સાથે રાષ્ટ્રધ્વજ લહેરાવી રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્ર ભાવના વ્યકત કરી હતી.

### જીલ્લા માહિતી કચેરી - જૂનાગઢ ઉપર

## વર્ગ-૪ના કર્મચારી રૂકસાનાબેન કુરેશીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાયો

જૂનાગઢ, તા.૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની આહવાનને પગલે દેશવાસીઓએ તિરંગો લેહરાવી હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી થઈ રહ્યા છે. આજે આ અભિયાનમાં જિલ્લા માહિતી કચેરી-જૂનાગઢના કર્મયોગીઓ પણ જોડાયાં હતા. વર્ગ-૪ના કર્મચારી રૂકસાનાબેન કુરેશીના હસ્તે જિલ્લા માહિતી કચેરી ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓ જોડાયા હતા.

### ગુજરાત એસ.ટી.ની બલિહારી અને બેહાલી !

# ઓફ ડ્યુટી સ્ટાફ ટિકિટ પણ ના લે અને ટિકિટ ધારકને આજુબાજુ બેસવા પણ ના દે !

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા.૧૫

ગુજરાત એસ.ટી.તંત્ર ખાડે ગયું છે અને તેને પ્રજાલક્ષી બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે છતાં જેસે થે પરિસ્થિતિ રહેવા પાછળના મુખ્ય કારણોમાં સ્ટાફની દાદાગીરી મુખ્ય કારણ હોવાની ઘટના બહાર આવેલ છે. જે મુજબ ગત તારીખ ૧૧-૮-૨૩ના રોજ માધવપુર-ઓખા વચ્ચે દોડતી બસ બપોરે ૧:૩૦ કલાકે પોરબંદર પહોંચી ત્યારે ત્રણ બેઠક ધરાવતી અને ખાલી રહેલ સીટ ઉપર પ્લાસ્ટિકની થેલી પડેલ હોય તેની બાજુમાં રહેલ ખાલી બેઠક ઉપર દવાખાને દવા લેવા આવેલ સિનિયર સીટીઝન અને તેની સાર સંભાળ અર્થે રહેલા તેમના પૌત્ર બંને બેસતા અને બસ ઉપડવાનો સમય થતા આવેલ એક વ્યક્તિએ આ બેઠેલા મુસાફારોને દાદાગીરી સાથે ઉભા થવાનું જણાવતા તેમના દ્વારા રાખવામાં આવેલ પ્લાસ્ટિકની બેગ વાળી જગ્યા પોતાની હોય અને હું ગુજરાત એસ.ટી.નો સ્ટાફ મેમ્બર છું. માટે મારી આજુબાજુ પણ આપ બેસવા માટે લાયક નથી. માટે ઉભા થવાનું જણાવતા આ સિનિયર સીટીઝન દ્વારા પોતે ટિકિટ લઈ મુસાફરી કરે છે માટે ખાલી બેઠક ઉપર બેસવાનો પોતાનો અધિકાર હોય તેમ જણાવી ઉભા થવાનો ઈન્કાર કરતા પોતાને સ્ટાફના હોવાનું જણાવતી વ્યક્તિ દ્વારા કેફી નશામાં હોય તેમ બિભત્સ વર્તન કરી જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં ફરિયાદ કરજો મારૂ નામ દિનેશ બારૈયા અને મારા બેઝ નંબર ૨૧૩૦ હોવાનું અને દ્વારકા ડેપોમાં ફરજ બજાવું છું. એસ.ટી. અમારી છે અને અમારી મરજી મુજબ અમે પેસેન્જરને બેસવા દઈએ માટે ઉભા કરવા માટે માથાકૂટ કરવા લાગેલ. ત્યારે સિનિયર સીટીઝન દ્વારા આ સ્ટાફના બેહુદા અને નશો કરેલ હાલતના વર્તનની ફરિયાદ કરવા પોરબંદર એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ ઉપર ગયેલ તો ત્યાંના ફરજ ઉપરના જવાબદાર અધિકારી દ્વારા આ વ્યક્તિ કોણ છે તે જાણતા હોવાનો ઈન્કાર કરી આ વ્યક્તિગત મામલો હોય પોલીસ ફરિયાદ કરવાનું જણાવી ફરિયાદ બુક આપવાનો ઈન્કાર કરતા અને આ વિવાદમાં અન્ય મુસાફરો હેરાન પરેશાન ના થાય તે માટે સિનિયર સીટીઝન દ્વારા કોઈ ફરિયાદના કરવામાં આવતા અને પરિસ્થિતિ પામી શાનમાં સમજી ગયેલ દિનેશ બારૈયાએ પછી કોઈ ખોટો વિવાદ ઉભો ના કરતા સિનિયર સીટીઝન પોતે જ્યાં બેઠા હતા ત્યાં બેસી મુસાફરી કરી પોતાની સાથે ઘટેલ ઘટના અન્વયે ગુજરાત એસ.ટી.માં સ્ટાફને ઓફ ડ્રેસમાં ટિકિટ વગર મફત મુસાફરી કરવાનો અધિકાર છે ? બીજું મફત મુસાફરી કરવી અને આજુબાજુમાં ખાલી સીટ ઉપર કોઈને બેસવા ના દેવા તેવો અધિકાર છે ? ત્રીજું શું સ્ટાફને પોતાની ફરજના સ્થળેથી પોતાના અન્ય જિલ્લાના રહેણાંક સ્થળેથી અપ-ડાઉન દ્વારા ફરજ બજાવવાની છૂટ છે ? સ્ટાફને મુસાફારો સાથે બેહુદું વર્તન કરવાની છૂટ છે ? શું મુસાફરને ખોટા કારણો દર્શાવી ફરિયાદ બુકના આપવાની છૂટ છે ? તેવા પ્રશ્નો સાથે આ દિનેશ બારૈયાની વિરૂધ્ધ ફરિયાદ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવેલ છે. જે હકીક્ત સ્પષ્ટ કરે છે કે, ગુજરાત એસ.ટી. ફક્ત સ્ટાફના કારણે અને તંત્રની બેદરકારીને કારણે તેની આ કોરોડો રૂપિયાના ખર્ચા પછી પણ તંત્રની બેહાલી અને પ્રજાની બલિહારી છે.

# અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ દ્વારા રિસામણે રહેલ મહિલાનું સાસરીમાં પુર્નઃસ્થપાન

જૂનાગઢ, તા. ૧૫

અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ દ્વારા રિસામણે રહેલ મહિલાનું સાસરીમાં પુનઃસ્થપાન થયું હતુ. પુત્રવધૂ ચાર માસથી રિસામણે ગયેલ હોવાથી સાસુએ સમજાવવા ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની મદદ લીધી હતી. માંગરોળ તાલુકાના એક ગામમાં પતિ પત્ની ઉપર ખોટી શંકા કરતો હોવાથી ૩ સંતાનને લઈને રિસામણે પત્ની ચાલી ગઈ ૪ માસ દરમ્યાન વચ્ચે ત્રણ વખત સમજાવવા ગયા હતા. તેના પતિ તથા સાસુ પરંતુ ઝઘડો વધારે થતો હતો અંતે પુત્ર તથા પુત્રવધૂનો ઘર સંસાર શાંતીથી ચાલે અને તેના બાળકોનું ભણતર ન બગડે તેવી આશા હોવાથી અંતે સાસુએ ૧૮૧ હેલ્પલાઈન ઉપર ફોન કરી તેના પુત્રવધૂને સમજાવવા હેલ્પલાઈન ની મદદ લીધી હતી. ૧૮૧ના કાઉન્સેલર દક્ષા ચાવડા સહ સ્ટાફ સ્થળ પર જઈ સાસુ,તેના પુત્ર તથા પુત્રવધૂનું અને પિયરના લોકોનું (માતા તથા ભાઈ) વ્યકિતગત કાઉન્સેલિંગ કરી ખરેખર સમસ્યા શું છે તથા તેના પાછળ જવાબદાર કારણોને પરિબળોની તપાસ કરી સમસ્યાને કેન્દ્ર સ્થાને રાખી કાઉન્સેલીંગ દ્વારા સમજાવ્યા અંતે અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ થકી તેના પુત્રવધૂ તથા પિયરપક્ષમાં તેના માતા અને ભાઈની સહમતીથી સાસરીમાં પરત આવવા રાજીખુશીથી તૈયાર થયા હતા. આમ અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ દ્વારા એક મહિલાનો ઘર સંસાર તૂટતાં બચાવ્યો અને ત્રણ બાળકોને તેના પિતાની હૂફ મળી હતી.

# દેવભૂમિ દ્વારકામાં ડિમોલીશન બાદ પુર્ન : દબાણો શરૂ

### દબાણની જૂની રીત મુજબ પથ્થરો, ઈંટો મૂકાવા લાગ્યા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મંડળતથા હર્ષદવિસ્તારમાં થોડા સમયપૂર્વે બે તબક્કે કરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશમાં સરકારી તંત્રની સર્વત્ર પ્રશંસા થઈ રહી હતી. આ પછી આવા વિસ્તારોમાં સ્થાનિકો દ્વારા પથ્થર અને ઈંટો મૂકી અને પુનઃ દબાણ થાય થઈ શકે તે રીતના કામગીરી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યુંછે. દેશના છેવાડા અને સંવેદનશીલ એવા ઓખાના બેટ દ્વારકા વિસ્તારમાં થોડા સમયપૂર્વે અહીંના જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય, ડી.વાય.એસ.પી. સમીર સારડા, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા અને પાર્થ કોટડીયા સહિતની ટીમ દ્વારા દિવસો સુધી સઘન કામગીરી કરીને અનઅધિકૃત રીતે કરવામાં આવેલા ધર્મ સ્થળો, દુકાનો, રહેણાંક, વંડા વિગેરે ઉપર બુલડોઝર ફેરવી અને કરોડો રૂપિયાની કિંમતી આવી લાખો ફૂટ સરકારી જગ્યા ઉપરનું દબાણ ખુલ્લું કરાવ્યું હતું. આ જ રીતે સુવિખ્યાત યાત્રાધામ હર્ષદ ગાંધવી, ભોગાત સહિતના ગામોમાં ડિમોલિશનના બીજા રાઉન્ડમાં પણ લાખો ફૂટ કિંમતી સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. તંત્રની આ



ઐતિહાસિક ઓપરેશન ડિમોલિશનની ઝુંબેશના વડાપ્રધાન, મુખ્યમંત્રી સહિતનાઓએ વખાણ કર્યા હતા. પરંતુ આ જગ્યામાં મજબૂત કંપાઉન્ડ વોલ કે ફેન્સીંગ કરવામાં ન આવતા કેટલાક તત્વો દ્વારા ડિમોલિશનના આ કાટમાળની ઈંટો પથ્થર, વિગેરેને આ સ્થળે ગોઠવી અને કાચી દિવાલ જેવું બનાવી અને જાણે દબાણની શરૂઆત કરવામાં આવી હોય તેવું ચિત્ર જોવા મળ્યું હતું. જો આવા દબાણ સમય જતા પુનઃ શરૂ થઈ જાય તો તંત્રની કડક ઝુંબેશ ઉપર પાણી ફરી વળે અને પુનઃ પાકા બાંધકામ થઈ જાય તેવું ચિત્ર પણ સર્જાઈ શકે છે.

# આજે ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ




સ્વતંત્રતા દિવસ, ભારતમાં, ૧૫ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રજા ઉજવવામાં આવે છે. સ્વતંત્રતા દિવસ ૧૯૪૭ માં બ્રિટિશ શાસનનો અંત અને સ્વતંત્ર અને સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રની સ્થાપનાને દર્શાવે છે. તે ઉપખંડના બે દેશો, ભારત અને પાકિસ્તાનમાં વિભાજનની વર્ષગાંઠને પણ ચિહ્નિત કરે છે, જે ૧૪-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ મધ્યરાત્રિએ થયું હતું. ભારતમાં બ્રિટિશ શાસનની શરૂઆત ૧૭૫૭માં થઈ જયારે, પ્લાસીના યુદ્ધમાં બ્રિટિશ વિજય બાદ, ઈંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ દેશ ઉપર નિયંત્રણ મેળવવાનું શરૂ કર્યું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ૧૦૦ વર્ષ સુધી ભારત ઉપર શાસન કર્યું, જ્યાં સુધી ૧૮૫૭-૫૮માં ભારતીય વિદ્રોહના પગલે સીધા બ્રિટિશ શાસન (જેને ઘણી વખત બ્રિટિશ રાજ તરીકે ઓળખવામાં આવે છે) દ્વારા બદલવામાંઆવ્યું નહતું. ભારતીય સ્વતંત્રતા ચળવળ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શરૂ થઈ હતી અને તેનું નેતૃત્વ મોહનદાસ કે. ગાંધીએ કર્યું હતું, જેમણે બ્રિટિશ શાસનનો શાંતિપૂર્ણ અને અહિંસક અંત લાવવાની હિમાયત કરી હતી. સ્વતંત્રતા દિવસને સમગ્ર ભારતમાં ધ્વજવંદન સમારોહ, કવાયત અને ભારતીય રાષ્ટ્રગીતના ગાન સાથે ચિહ્નિત કરવામાં આવે છે. વધુમાં, રાજયની રાજધાનીઓમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જૂની દિલ્હીમાં લાલ કિલ્લાના ઐતિહાસિક સ્મારક પર વડા પ્રધાન ધ્વજવંદન સમારોહમાં ભાગ લે તે પછી, સશસ્ત્ર દળો અને પોલીસના સભ્યો સાથે પરેડ થાય છે. વડા પ્રધાન પછી દેશને ટેલિવિઝન સંબોધન કરે છે, જેમાં પાછલા વર્ષ દરમ્યાન ભારતની મુખ્ય સિદ્ધિઓનું વર્ણન કરવામાંઆવે છે અને ભવિષ્યના પડકારો અને લક્ષ્યોની રૂપરેખા આપવામાં આવે છે. પતંગ ઉડાડવી એ સ્વતંત્રતા દિવસની પરંપરા બની ગઈ છે, જેમાં વિવિધ કદ, આકાર અને રંગોના પતંગો આકાશને ભરી દે છે. ઉપરાંત, દિવસની ઉજવણી કરવા માટે, નવી દિલ્હીમાં સરકારી કચેરીઓ બંધ હોવા છતાં, રજા દરમિયાન પ્રકાશિત રહે છે. ભારતનો સ્વતંત્રતા દિવસ, જે દર વર્ષે ૧૫મી ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં ધાર્મિક રીતે ઉજવવામાં આવે છે, તે રાષ્ટ્રીય દિવસોની સૂચિમાં જબરદસ્ત સ્થાન ધરાવે છે, કારણ કે તે દરેક ભારતીયને એક નવી શરૂઆતની યાદ અપાવે છે. ૨૦૦થી વધુ વર્ષોના બ્રિટિશ સંસ્થાનવાદના ચુંગાલમાંથી મુક્તિ. તે ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ હતું કે ભારતને બ્રિટિશ સંસ્થાનવાદથી સ્વતંત્ર જાહેર કરવામાં આવ્યું હતું, અને નિયંત્રણની લગામ દેશના નેતાઓને સોંપવામાં આવી હતી. ભારતની આઝાદીની પ્રાપ્તિએ નિયતિ સાથેનો પ્રયાસ હતો, કારણ કે આઝાદીનો સંઘર્ષ ઘણો લાંબો અને કંટાળાજનક હતો, જેમાં ઘણા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનની સાક્ષી હતી, જેમણે પોતાનું જીવન લાઈનમાં મૂકી દીધું હતું.

- ડો.જી.આર.ગોહિલ

# ભારતનો ૭૬મો સ્વાતંત્ર્ય દિવસ




૧૫મી ઓગસ્ટ ૧૯૪૭નો દિવસ એટલે ભારતનો સ્વાતંત્ર્ય દિવસ. આશરે ૨૫૦ વર્ષની ગુલામીની બેડીમાંથી મુક્તિ. આ દિવસનું મહત્વ ભારતના દરેક નાગરિકને હોય તે અગત્યનું છે.

૧૫મી સદીમાં એટલે કે ઈ.સ.૧૪૯૮માં યુરોપખંડમાંથી પોર્ટુગલ દેશથી આવેલા વાસ્કો-દિ-ગામાએ ભારતનો નવો જળમાર્ગ શોધ્યો અને તેને પગલે ડચ, ડેનિશ, અંગ્રેજો અને ફ્રેન્ચો તથા યુરોપીય પ્રજા પણ વેપારને બહાને ભારતમાં આવી, વેપારને બહાને ભારતની જાહોજલાલી લૂંટવા. આ બધીજ પ્રજામાં અંગ્રેજો ભારતના સર્વસત્તાધીશ બન્યા. અત્યાચાર અને શોષણ કરીને ભારતની આર્થિક સમૃધ્ધિને તેમણે ઈંગ્લેન્ડ ભેગી કરી, ભારતની ખેતી, ગૃહઉદ્યોગો બરબાદ કર્યા, રાજાઓ પાસેની ખેતીની મહેસુલી આવક પોતાના હસ્તક લઈ લીધી અને પોતાના યંત્રોથી ચાલતા કારખાના શરૂ કરી નફો રળવાનું શરૂ કર્યું.

આ અત્યાચારી શાસન સામે ભારતમાં રાષ્ટ્રવાદ જાગ્યો. પરિણામે ઈ.સ.૧૮૫૭માં આઝાદીનો સંગ્રામ થયો જેને અંગ્રેજોએ નિષ્ફળ બનાવ્યો. ઈ.સ.૧૮૮૫માં કોંગ્રેસ સંસ્થા ઉદભવી જેનો મુખ્ય હેતુ હતો અંગ્રેજોના અત્યાચાર સામે રાષ્ટ્રને ન્યાય અપાવવાનો. તેમાં પણ શાંતિથી લડત કરનાર મવાળવાદી અને ઉગ્ર લડત આપનાર જહાલવાદી એમ બે જૂથ પડી ગયા પણ એ બંને જૂથ કરતાં કાંઈક અલગ જ, અંગ્રેજોની ઊંઘ હરામ કરનાર ક્રાંતિકારી જૂથ ઉદભવ્યું, જેણે અંગ્રેજોને ધોળા દિવસે તારા દેખાડેલા. જેમાં ભગતસિંહ અને ચંદ્રશેખર જેવા વીર સપૂતો હતા જેમણે આઝાદી માટે બલિદાન આપ્યા. ઈ.સ.૧૯૧૫માં વિશ્વયુદ્ધનો માહોલ રચાયો અને એ જ દરમ્યાન દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી ભારત આવ્યા અને કોંગ્રેસમાં જોડાયા. ગાંધીજીએ ભારતના લોકોને ઈંગ્લેન્ડને યુદ્ધમાં મદદ કરવા કહ્યું પરંતુ યુદ્ધ પૂરૂ થતાં જ અંગ્રેજોએ હાથ ઊંચા કરી દીધા.૨ છેવટે ગાંધીજીએ સમગ્ર રાષ્ટ્રની ચેતનાને ઢંઢોળી, અહિંસક આંદોલનો ચલાવ્યા અને પરિણામ મળ્યું આઝાદી ! પરંતુ ૨૫૦ વર્ષની અશાંતિ પછી પણ ભારતને શાંતિ ક્યાં નસીબ થવાની હતી ? કેમ કે હિંદુસ્તાન અને પાકિસ્તાનના ભાગલાની સ્થિતિ સર્જાઈ હતી. છેવટે ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ વાયવ્ય સરહદના પાકિસ્તાનને અલગ રાષ્ટ્રનો દરજ્જો સોંપાયો અને સન ૧૯૪૭, ૧૫મી ઓગસ્ટના રોજ ઈતિહાસના પાનાઓમાં સુવર્ણ અક્ષરે ભારતની આઝાદી કંડારવામાં આવી, તેને અલગ સત્તા સોંપાઈ. 'ભાગલા તો મારી લાશ પર જ થશે' એવું કહેનાર બાપુએ પણ પરિસ્થિતિ સામે ઝુકી જઈ ભાગલા સ્વીકાર્યા. ભાગલા પછી ગાંધીજીએ પાકિસ્તાનના વિકાસ માટે સાડા ત્રણ કરોડ રૂપિયા પાકિસ્તાનને અપાવ્યા. જે રૂપિયા ઈ.સ.૧૯૪૮માં પાકિસ્તાને આપણા વિરુદ્ધ યુદ્ધમાં વાપર્યા. આ મુદ્દો નથુરામ ગોડ્સને ન ગમ્યો અને તેમણે ગાંધીજીને ગોળીમારી ૧૯૪૮માં તેમની હત્યા કરી. ભારતે એક મહાન વ્યકિત ગુમાવી !.

આઝાદી પછી સ્વતંત્ર ભારતમાં લોકશાહી સરકારે અત્યાર સુધીના સમયમાં ઘણું મેળવ્યું—કેટલુંક ગુમાવ્યું પરંતુ હજી પણ ઘણું મેળવવાનું બાકી છે !. આઝાદી મળ્યાથી આજ સુધીમાં ધીમે ધીમે આઝાદીનો રંગ ભારતના લોકોમાં ઓસરી ગયો હોય તેમ લાગે છે. જરૂર છે ભારતની આ નવી પેઢીને ભૂતકાળમાંથી કંઈક શીખી વર્તમાનને ઉજજવળ બનાવવાની ! જો તેમ નહીં થાય તો ફરીવાર હવે કોઈ ભારતને ગુલામી કે પતનમાંથી નહીં બચાવી શકે. ડો.એ.પી.જે. અબ્દુલ કલામના શબ્દોમાં કહીએ તો, ''ભારતમાં એવી જાગૃત પેઢી આવશે જે ભારતની લોકશાહીમાં જડમૂળમાંથી ફેરફાર કરશે તે દિવસે ભારત બીજીક્રાંતિ કરશે, હાલ જરૂર છે ભૂતકાળને દોહરાવવાની.''

૧૫મી ઓગસ્ટે શાળાઓમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓ ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરે છે, કેટલીક શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો કે રમતોત્સવ પણ યોજાય છે. દિલ્લીમાં પરેડ યોજાય છે અને રાષ્ટ્રપતિ તેની સલામી ઝીલે છે. સ્વતંત્રતા દિવસે સરકારી મકાનો અને મોટી મોટી ઈમારતો રાતે




રોશનીથી ઝળહળી ઊઠે છે. આ બધું થવા છતાં સ્વતંત્રતા દિવસનું મહત્વ માત્ર 'જાહેર રજા' અને ઉજવણી પૂરતું જ સીમિત થઈ ગયું હોય તેમ નથી લાગતું ? હજુપણ દેશમાં ઘણાં દૂષણો, ખામીઓ છે જેને દૂષણો, ખામીઓ છે જેને દૂર કરવા આ દિવસે સંકલ્પ કરવો રહયો ! દેશને આબાદ કરવા ઉદ્યમ કરવો રહયો!

આ વર્ષે આપણો દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થાય છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાગરિકોમાં દેશભાવના પ્રબળ બને તે માટે 'હર ઘર તિરંગા' તથા ''મેરી માટી મેરા દેશ''કાર્યક્રમનું આહવાન કરેલ છે ત્યારે આપણે પણ આપણા નિવાસસ્થાને, વેપાર-ધંધાના સ્થળે દેશની આન, બાન અને શાન સમાન રાષ્ટ્રધ્વજને ફરકાવીએ અને રાષ્ટ્રભાવનાના આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમમાં જોડાઈએ.

(સંકલન : સરસ્વતી સ્કુલ - જૂનાગઢ)

# જૂનાગઢ સહિત જીલ્લામાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી

## વંદે માતરમ, ભારત માતા કી જયનાં જયઘોષ સાથે ઠેર-ઠેર ધ્વજવંદનનાં કાર્યક્રમો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ સહીત સોરઠ પંથક તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાત અને દેશભરમાં ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે અને હર ઘર તિરંગાનાં નારા સાથે ભારતનાં રાષ્ટ્રધ્વજને અનોખુંઅને અનન્ય ગૌરવપ્રદાન કરવામાંઆવ્યુંછે. સમગ્ર ભારત દેશ એક ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. ભારે ઉત્સાહમય વાતાવરણ વચ્ચે આજે ભારતનાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની આન, બાન અને શાનથી સર્વત્ર ઉજવણી કરવામાં આવી રહી છે. ઠેર-ઠેર ધ્વજવંદનનાં કાર્યક્રમોયોજવામાંઆવી રહ્યા છે અનેસ્વાતંત્ર સેનાની, શહીદ વીરો અને ભારતનો આઝાદી અપવાનારા મહાનવિભૂતીઓને યાદ કરી અને તેઓને કોટી કોટી વંદના કરવામાં આવી રહી છે. વંદેમાતરમ, ભારત માતા કી જય સહિતનાં નારાઓ સર્વત્ર ગુંજી રહ્યા છે. ભારત દેશ ઉપર અંગ્રેજી સંલ્તનતે ૨૦૦વર્ષ ઉપરાંત રાજ કર્યુ અને આપખુદ શાહી શાસન કરી અને દમનનો કોરડો વિંઝી ભારત દેશને ગુલામીની જંઝીરોમાં જકડી લીધો હતો. ભારતમાં વેપાર કરવાના બહાને ઘુસી આવેલા અંગ્રેજોએ પોતાની હકુમત સ્થાપી હતી અને વર્ષો સુધી પોતાનું શાસન ચલાવ્યું હતું. અનેક અત્યાચારો વચ્ચે જીવતા ભારતના લોકોને ગુલામીની જંઝીરોમાંથી મુકત કરવા માટે ભારતના પનોતા પુત્ર વિરસપુતો એવા સ્વાતંત્ર વિરોએ મહત્વનું યોગદાન આપ્યું. રાષ્ટ્રપિતા મહત્મા ગાંધીજીએ સવિનય કાનુન ભંગ કરી અને ઐતિહાસિક દાંડી યાત્રા યોજી તેમજ અહિંસક લડત ચલાવી અને અંગ્રેજોને આ દેશમાંથી ચાલ્યા જવા માટેની હિંદ છોડો ચળવળ ચલાવી અને આખરે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસો ભારતદેશ આઝાદ બન્યો. અંગ્રેજો આ દેશ છોડીને ચાલ્યા ગયા અને ત્યારબાદ લોકશાહી તંત્ર અમલમાં આવ્યું. ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે જવાહરલાલ નહેરૂ, ગૃહ મંત્રી તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ અને પ્રધાન મંડળની રચના થઈ. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસો પ્રજાકીય શાસન અમલમાં આવ્યું. ભારત દેશનો આઝાદી અપાવનારા નામી, અનામી વિરસપુતો, શહીદોના અનન્ય યોગદાનથી ભારતદેશને મહામુલી આઝાદી મળી છે. દરમ્યાન આજે ભારતના ૭૫માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી થઈ રહી છે. આ ઉપરાંત જૂનાગઢ જીલ્લાના જૂનાગઢ, બિલખા, કેશોદ, મેંદરડા, માંગરોળ, ભેંસાણ, માળીયા, વંથલી, વિસાવદર, બાંટવા, માણાવદર સહીતના વિવિધ તાલુકાઓમાં પણ ધ્વજ વંદન સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત સામાજીક અને સેવાકીય સંસ્થાઓ, શાળાઓ તેમજ કોર્ટ કચેરી વગેરેમાં પણ ધ્વજ વંદન સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આમ જૂનાગઢ સહિત જીલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર અને ગુજરાત તેમજ દેશભરમાં ભારતનાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી : જૂનાગઢ શહેરની સરકારી ઓફિસો, મુખ્ય વિસ્તારોમાં આકર્ષક રોશનીથી શણગાર કરાયો



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૫

૭૭માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણીને લઈને જૂનાગઢવાસીઓમાં અનોખો ઉમંગ જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રીયપર્વને પગલે શહેરની સરકારી ઓફિસો, મુખ્યવિસ્તાર આકર્ષક રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે.

જૂનાગઢમાં થનાર ૭૭ માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણીને લઈને વહીવટી તંત્ર દ્વારા શહેરની સરકારી કચેરીઓ કલેકટર ઓફિસ, જિલ્લા પંચાયત ભવન, શામળદાસ ગાંધી ટાઉન હોલ, સર્કિટ હાઉસને આકર્ષક રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે.

## જૂનાગઢ ઉપલા દાતાર ખાતે દેશના ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ કોમી એકતાના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યા ખાતે આજરોજ ૩૨૦૦ ફૂટની ઊંચાઈ ઉપર આવેલા દાતાર પર્વત ઉપર દેશના ૭૭માં સ્વાતંત્ર પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે આટલી ઉંચાઈ ઉપર ધ્વજવંદનના સુંદર મજાના કાર્યક્રમમાં જગ્યાના મહંત શ્રી ભીમબાપુ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી અપાય હતી અને ગિરનાર સ્પોર્ટ એકેડેમીના સાગરભાઈ કટારીયા અને તેમના વિદ્યાર્થી મિત્રો વહેલી સવારે દાતારના પર્વત ઉપર પહોંચી જઈ દાતારબાપુના દર્શન કરી અને રાષ્ટ્ર ધ્વજના ધ્વજવંદનના આ સુંદર મજાના કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને પધારેલા સર્વે ભાવિકો અને વિદ્યાર્થીઓને સુંદરમજાનો નાસ્તો, ચોખા ઘીનો શીરો અનેચા-પાણી અપાયા હતા. દાતારબાપુની આ ધાર્મિક જગ્યામાં દરેક પ્રસંગો દરેક તહેવારો પૂજ્ય ભીમબાપુ દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવે છે તેમ દેશના સ્વતંત્ર પર્વને પણ આજે ધામધૂમથી ઉજવાયું હતું.

## સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર-જૂનાગઢ ખાતે ૧૫ની ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વની ઉજવણી ચેરમેન સ્વામી કો. દેવનંદનદાસજી સ્વામી તથા મહંત કો. પ્રેમસ્વરૂપદાસજી સ્વામી તથા કો. પી.પી. સ્વામી અને ટ્રસ્ટી મંડળ તથા સંતો હરિભક્તોએ ૭૬માં સ્વતંત્રતા દિનની ઉજવણી કરી હતી.

## જૂનાગઢ જીલ્લા જેલમાંથી જામીન મેળવી ફરાર થયેલ કેદીને ઝડપી લેતી પેરોલ ફર્લો સ્કવોર્ડ



પીએસઆઈ હડીયા સહિત સ્ટાફ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના અને પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ સારૂ નાસતા ફરતા આરોપીઓ તેમજ ફરારી કેદીઓને ઝડપી લેવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ જે અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે.પટેલની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોર્ડના કાર્યરત હોય દરમ્યાન બાતમીના આધારે જૂનાગઢ જીલ્લા જેલમાં પ્રોહીબીશનના ગુન્હામાં સજા ભોગવતો કેદી મુકેશભાઈ ભીખુભાઈ મકવાણા છેલ્લા દોઢ વર્ષથી ફરાર થઈ ગયેલ હોય અને હાલ અમદાવાદ કડી હાઈવે પર હોવાની બાતમીના આધારે ફરાર કેદી મુકેશભાઈ મકવાણાને કડી અમદાવાદ હાઈવે પર ઝડપી લઈ જૂનાગઢ જીલ્લા જેલ ખાતે સોંપી આપવામાં આવેલ છે.

## જૂનાગઢ જીલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંલગ્ન હોસ્પિટલોમાં ડાયાલિસસીસની સેવા કાર્યરત છે

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-માં યોજના અંતર્ગત સંલગ્ન હોસ્પિટલોમાં ડાયાલિસસીસની સેવા કાર્યરત છે. તેમજ યોજના લગત કોઈ વિસંગતતા જણાય તો આરોગ્ય શાખા જિલ્લા પંચાયત-જૂનાગઢ અથવા આરોગ્ય શાખા મહાનગરપાલિકાની કચેરીનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયુંછે.








૧૫ મી ઓગસ્ટ
સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભેચ્છા..

ભેસાણ તાલુકાની તમામ જનતા અને ખેડૂતભાઈઓ, વેપારી મિત્રોને સ્વાતંત્ર્ય પર્વની ખુબ ખુબ શુભેચ્છા...

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- ભેંસાણ**

| નટુભાઈ આર. પોંકીયા ચેરમેન | એસ.પી. કુબાવત સેક્રેટરી |
|---|---|
| રામજીભાઈ ડી. ભેસાણીયા - વાઈસ ચેરમેન | |

**ડિરેક્ટરશ્રીઓ**

| | | |
|---|---|---|
| વજુભાઈ મોવલીયા | ભાવેશભાઈ ત્રાપસીયા | ગિરધરભાઈ રાદડીયા |
| રાજેશભાઈ ભૂવા | જસકુભાઈ શેખવા | બાબુભાઈ કોરાટ |
| ભીમજીભાઈ જોધાણી | ગોવિંદભાઈ કપુરીયા | મોહનભાઈ ડોબરીયા |
| ધ્રુવભાઈ ઉમરેટીયા | હસુભાઈ વઘાસીયા | વલ્લભભાઈ સાવલીયા |

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- ભેંસાણ

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

**ૐ નેચર ક્યોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

